સુવિચાર
જવાબ તો દરેક વાતનો આપી શકાય, પણ જે સબંધોનું મહત્વ ન સમજે તે તમારા શબ્દોનું મહત્વ સમજશે એવા ભ્રમમાં ન રહેવું !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૬/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ સુદ-૧૧ વર્ષ : ૧૬ અંક : ૧૫૦

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
એકાદશી નિમિતે
ફરાળી પેટીસ
ફરાળી ખિચડી
આખો દિવસ ગરમા ગરમ મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

## પર્યાવરણનાં જતનનાં સંકલ્પ સાથે વૃક્ષારોપણ અને વનકવચનું ખાતમુર્હુત

# અમરેલી જિલ્લામાં ઉત્સાહભેર વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

**જિલ્લાનાં જુદા-જુદા તાલુકાઓમાં સામાજિક વનીકરણ વિભાગ અને એસ.ટી. તંત્ર દ્વારા વૃક્ષારોપણ કરાયું**

**હરિત કવચમાં વધારો થાય તેવા આશયથી પીઠવડી ખાતે કવચ વનનું ખાતમુર્હુત કરાયુ**

**સાવરકુંડલા સેશન્સ કોર્ટ ખાતે કોર્ટનાં જસ્ટીશશ્રીની ઉપસ્થિતિમાં કોર્ટનાં સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ**

**પર્યાવરણનાં જતન માટે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા જાગૃતિ પ્રસરાવવામાં આવી**








અમરેલી, તા. ૫

પર્યાવરણ જતનના સંકલ્પ સાથે અમરેલી જિલ્લામાં 'વિ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લામાં ગુરૂવારે વિવિધ તાલુકાઓમાં સામાજિક વનીકરણ વિભાગ દ્વારા તેમજ ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમના અમરેલી વિભાગીય નિયામક કચેરી અંતર્ગત કાર્યરત કચેરીઓમાં વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમ યોજાયા હતા.

જિલ્લાના હરિત કવચમાં વધારો થાય તેવા આશયથી સામાજિક વનિકરણ રેન્જ સાવરકુંડલા હેઠળના પીઠવડી ગામે 'કવચવન૨૦૨૫–૨૬'નું ખાતમૂહર્ત કરવામાં આવ્યું હતું. વનવિભાગના અધિકારીઓ તેમજ સ્થાનિક આગેવાનો આ ખાતમૂહર્ત કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા.

જી.એસ.આર.ટી.સી.ના રાજુલા વર્કશોપ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ડેપો મેનેજર જોષી તેમજ સમગ્ર વર્કશોપ અને બસ ડેપોના ફરજ પરના અધિકારી, કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડેપો મેનેજર દ્વારા પર્યાવરણ તેમજ વૃક્ષોના જતન બાબતે હાજર સ્ટાફને માહિતગાર કરવામાં આવ્યા હતા.

વિ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત સાવરકુંડલા સેશન્સ કોર્ટ ખાતે કોર્ટના જસ્ટીસશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં કોર્ટના ફરજ પરના

અનુસંધાન પાના ૬ ઉપર


## ટ્રક ચાલકે બાઈક સવારને હડફેટે લીધા

# રાજુલાનાં ટ્રાફિકથી ધમધમતાં કોવાયા લોઠપુર માર્ગ ઉપર અકસ્માતમાં યુવકનું મૃત્યુ

**પિપાવાવ મરિન પોલીસે તપાસ શરૂ કરી**

રાજુલા, તા. ૫

અમરેલી જિલ્લામાં માર્ગની અત્યંત હાલત ખરાબ થવાના કારણે અકસ્માતોની ઘટનાઓ વધીરહી છે. મોડી રાત્રે રાજુલા તાલુકાના કોવાયા–લોઠપુર વચ્ચે બાઈક ચાલક કનુભાઈ લાખાભાઈ લાખણોત્રા જૂની બારપટોળી ગામના રહેવાસી કોવાયા ગામથી એક ખાનગી કંપનીમાં કામ કરી રાત્રીના સમયે બાઈક લઈ ઘરે જતા સમયે અકસ્માતની ઘટના બની છે. અહીં કોઈ અજાણીયા ભારે ટ્રક ચાલકે ટક્કર મારી ત્યારબાદ બાઈકચાલક ટાયર્સમાં આવી ગયા બાદ દૂર દૂર સુધી મૃતકની લાશ ઢસડી લઈ જવાયો હતો. આ યુવકનું મોત થયુંછે. આ અકસ્માતની ઘટના હિટ એન્ડ


તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રન જેવો બનાવ હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. અકસ્માતની ઘટના બનતા પિપાવાવ મરીન પોલીસ અકસ્માત સ્થળે પહોંચી અકસ્માત કેવી રીતે સર્જાયો તેને લઈ તપાસ હાથ ધરી અજાણ્યા વાહન ચાલક

અનુસંધાન પાના ૬ ઉપર

## હેવી વીજલાઈનનું રીપેરીંગ કામ કરવાના બહાને

# અમરેલી પીજીવીસીએલ દ્વારા હવે ગુરૂવાર અને રવિવાર એમ બે દિવસનો વીજ કાપ ઝીંકાયો

**હીરા બજાર, ઉદ્યોગનગર, શાળા, કોલેજ સહિતનાં વિસ્તારને વધારાના વીજ કાપથી વધુ આર્થિક નુકસાન**

અમરેલી, તા. ૫

ઔદ્યોગિક રીતે પછાત એવા અમરેલીમાં અગાઉ દર ગુરૂવારે વીજ કાપ ઝીંકવામાં આવતો હતો. જેના કારણે હીરા બજાર, ઉદ્યોગનગર સહિતના વિસ્તારોમાં દર ગુરૂવારે રજા રાખવામાં આવેછે. પરંતુ હવે અમરેલી શહેરનાં મોટા ભાગના વિસ્તારમાં સવારથી બપોર સુધી ગુરૂવાર ઉપરાંત રવિવારે પણ વીજકાપ રાખવામાં આવશે.

આ અંગે અમરેલી પીજીવીસીએલ દ્વારા ઓચિંતી જાહેરાત કરવામાં આવતાં અને તેના કારણે અમરેલીમાં સૌથી મોટા હીરા ઉદ્યોગ તેમજ ઉદ્યોગનગરમાં આવેલા જુદા જુદા નાના મોટા ઉદ્યોગોને ગંભીર અસર પહોંચે તેવી શકયતા છે.

આગામી દિવસોમાં ચોમાસુ આવી રહ્યું હોય જેના કારણે પીજીવીસીએલ દ્વારા પ્રીમોન્સુન કામગીરી શરૂ કરવામાં આવી રહીછે અને હયાત હેવી વીજ લાઈનનું રીપેરીંગ કામ પણ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે અમરેલી શહેરમાં સીટી એક ફીડર નીચે આવતા શહેરના તમામ મુખ્ય વિસ્તારોમાં અગાઉ ગુરૂવારે વીજ કાપ હતો તેના બદલે હવે ગુરૂવાર અને

અનુસંધાન પાના ૬ ઉપર

## મધ્યપ્રદેશનાં ઈમ્બલીપુરાનાં શખ્સનું કારસ્તાન

# અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક તરૂણી સાથે જાતિય અત્યાચાર

**તરૂણીને ગર્ભ રાખી દીધાની ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૫

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષની તરૂણી પોતાના પરિવાર સાથે એક ખેતરમાં રહેતા હતા. ત્યારે ગત તા. ૩/૧ના રોજ સવારે ૮ વાગ્યે તરૂણી પોતાના ઘર આગળ આવેલ કપાસના ખેતરમાં કુદરતી હાજતે ગયેલ હતી અને બાદમાં ખેતરની બહાર નિકળતી હતી. ત્યારે મધ્યપ્રદેશના ઈમ્બલીપુરા ગામે રહેતા ભાયા ઘોટીયાભાઈ વાસ્કલા નામના આરોપીએ આ તરૂણીને પકડી લઈ કપાસના ખેતરમાં લઈ જઈ ભોગ બનનારની સલવાર કાઢી નાખી પરાણે બળાત્કાર ગુજારેલ હતો. બાદમાં તું તારા ઘરે જા અને આ બાબતેની વાત કોઈને કહેતી નહી નહિતર તારા મા–બાપને જાનથી મારી નાખીશ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી અને ભોગ બનનાર તરૂણી ઉપર બળાત્કાર ગુજારી ગર્ભ રાખી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે
અમરેલીથી માત્ર ૫ (પાંચ) કી.મી.દુર આવેલ રાજકોટ રોડ ઉપર, સ્ટેટ હાઈ–વે થી માત્ર ૭૦૦ મીટર દુર તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે.
સાડા પાંચ વીઘા જમીન, ૧૫x૨૦ ની એટેચ સંડાસ બાથરૂમ સાથેની રૂમ, બે બોરવેલ, સબમર્સીબલ, ફુલ પાણી, ઈલેકટ્રીક લાઈટ કનેકશન, શેડ સાથેનું તૈયાર ફાર્મ હાઉસ વેચાણથી આપવાનું છે.
સંપર્ક : ૯૮૨૫૫ ૬૨૩૬૧

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૫/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી
કાર્યક્ષેત્ર ::– ધો–9 થી 12 સાયન્સ/કોમર્સ/RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE-NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં વધે Advance Maths-Science, રીઝનિંગ English અને ની અપ ટુ ડેટ તૈયારી.
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના...
ધોરણ 8 | 95% ઉપર | 9 મું FREE
ધોરણ 9 | 95% ઉપર | 10 મું FREE
ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલશીપ મેળવી શકશે.
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ પક હેતુલક્ષી પ્રશ્નો :: 15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડયા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
• Smart Board ધરાવતા કલાસ..
• અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા
ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ–બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 22086

## ઉદ્યોગ સાહસિક સંદિપભાઈ વઘાસિયાનાં સોનેરી સ્વપ્ન સાકાર થયા


# ૭ લાખથી શરૂ થયેલી કંપનીનું આજે રૂપિયા ૧૫ કરોડનું ટર્ન ઓવર


**અમરેલીની આઈ.ટી.આઈ.ની ઉમદા તાલીમ, આંતરિક સૂઝથી બેડો પાર**

**વિચારોમાં કર્મ અને આત્મવિશ્વાસનો ઉમેરો થાય તો સફળતાનાં શિખરો સર થાય**

**ચોક્કસ દિશામાં કરેલી ખંતપૂર્વકની મહેનત રંગ લાવે છે તે હકીકત છે**

**કંપનીને આગામી એક દાયકામાં ૧૦૦ કરોડ સુધી પહોંચાડવાનું સાહસી લક્ષ્યાંક**



અમરેલી, તા. ૫

અમરેલી આઈ.ટી.આઈ. ખાતે વિવિધ પ્રકારના ટ્રેડ કોર્ષ શરૂ છે. અમરેલી આઈ.ટી.આઈ. સમયાંતરે 'સ્કિલ એકસપો'નું પણ આયોજન હાથ ધરે છે. વર્ષ ૨૦૨૩માં 'ફર્સ્ટ મેગા સ્કિલ એકિઝબિશન' યોજાયું હતું. વિવિધ ટ્રેડના પ્રતિભાશાળી તાલીમાર્થીઓએ જાતે બનાવેલા મોડેલ્સ, ચાર્ટ અને ટુલ્સનું અદભૂત પ્રદર્શન કરે છે.

અમરેલી આઈ.ટી.આઈ. ખાતે ધો. ૧૦ બાદ રેફ્રિજરેશન એન્ડ એર કન્ડિશનિંગ ટ્રેડ કોર્ષમાં ૬૫ નંબરની બેચમાં વર્ષ ૨૦૦૭–૨૦૦૯માં તાલીમ પ્રાપ્ત કરી હતી તેવા અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકાના મોટા આંકડિયા ગામના વતની સંદિપભાઈ વઘાસિયા ઉદ્યોગ સાહસિક બન્યા છે. આર્થિક રીતે સામાન્ય મધ્યમવર્ગીય પરિવારના ભલે હોય પણ સંદિપભાઈએ ઉદ્યોગ સાહસિકો માટે ઉન્નતિના દ્વાર ખોલવાની પ્રેરણા પૂરી પાડી છે.

સંદિપભાઈ વઘાસિયા આઈ.ટી.આઈ.માં બે વર્ષનો કોર્ષ પૂર્ણ કર્યા બાદ અલગ–અલગ ખાનગી કંપનીમાં ૪ વર્ષ સુધી ખાનગી રાહે નોકરી કરી હતી પરંતુ તેમની આંતરિક સૂઝ અને ઉદ્યમતાએ તેમને આ પ્રેકિટકલ વર્કને ઉદ્યોગ સાહસમાં પરિણમવા માટે અનુભવના ભાથાને કામે લગાડી દીધો.

આજે સમગ્ર ભારતમાં સ્કિલ ઈન્ડિયા મિશન અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા સ્કિમ અંતર્ગત નવયુવાઓ પોતાના કૌશલ્યને વિકસાવી સ્ટાર્ટઅપનો પ્રારંભ કરી તેને આગળ વધારી રહ્યા છે અને આત્મનિર્ભર બની રહ્યા છે તે સાથે તે રાજયનું પણ નામ રોશન કરી ઉદ્યોગ સાહસિકો માટે નવી દિશા કંડારી રહ્યા છે.

સંદિપભાઈએ પણ ગમતા વિષયમાં રસપૂર્વક તાલીમ પ્રાપ્ત કરીને વર્ષ–૨૦૧૨માં અમદાવાદમાં રૂા. ૭ લાખના રોકાણથી 'ઓઝોન એર સોલ્યુશન લિ.' નામની કંપનીની સ્થાપના કરી હતી. આજે આ કંપની રૂા. ૧૫ કરોડના વાર્ષિક ટર્નઓવર સુધી પહોંચી ચૂકી છે. આ કંપની ઈન્ડસ્ટ્રિયલ વોટર ચિલર, હિટ પમ્પ, રેફ્રિજરેટેડ એર ડ્રાયર્સ સહિતની મશીનરીનું મેન્યુફેકચરિંગ કરે છે. સંદીપભાઈ આ તમામ મશીનરી આફ્રિકન દેશો ઉપરાંત સાઉદી અરેબિયામાં પણ નિકાસ કરી રાષ્ટ્રને આર્થિક હૂંડિયામણ માટે ચાલકબળ બની રહ્યા છે. પ્રગતિના શિખરો સર કરવા આગવા આયોજન સાથેની દૂરદર્શિતા પણ સંદિપભાઈ ધરાવે છે.

ઉદ્યોગ સાહસિક સંદિપભાઈએ આઈ.ટી.આઈ. ખાતે પોતાની તાલીમ, ખાનગી નોકરી સહિતના અનુભવો જણાવ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે, મને ઉદ્યોગ સાહસિક બનવામાં અમરેલી આઈ.ટી.આઈ. નો ખૂબ સારો સહકાર મળ્યો છે.

રેફ્રિજરેશન એન્ડ એર કન્ડિશનિંગ ટ્રેડમાં અભ્યાસ દરમિયાન મેં દરેક બાબતે કાળજી રાખી હતી, ધ્યાનપૂર્વક તાલીમ મેળવી હતી, જે બાબતો મને મારા વ્યવસાયને આગળ લઈ જવામાં ઘણી મદદરૂપ સાબિત થઈ રહી છે. તાલીમાર્થીઓએ તેમની તાલીમને વધારે સારી રીતે સમજી તેમના કૌશલ્યને વિકાસવાનું કાર્ય કરવાનું છે.

મારે મારા જેવા અનેક તાલીમાર્થીઓને આર્થિક રીતે પગભર થવા માટેની પ્રેરણા અને સાહસ કરવાના માર્ગને કંડારવામાં મદદરૂપ થવાની ખેવના છે. આગામી સમયમાં રૂા. ૧૦૦ કરોડના વાર્ષિક ટર્ન ઓવર સુધી પહોંચવાનું અને વર્ષ–૨૦૨૮ સુધીમાં આઈપીઓ લોન્ચ કરી કંપનીને નવી ઉંચાઈ પર લઈ જવાનું મારૂં લક્ષ્યાંક છે.

સંદિપભાઈ કહે છે, વિચાર જન્મે, પછી તે વિષયક ઉંડાણપૂર્વકનું મનોમંથન થાય ને પછી સંશોધન અને વિકાસની બાબત પર કામ આગળ વધે, વિચારોમાં કર્મનો ઉમેરો થાય, આત્મવિાસ સાથેની મહેનત એક દિવસ ચોક્કસ રંગ લાવે ત્યારે ખરાં અર્થમાં ઉદ્યોગ સાહસિક બની શકાય છે!

સંદિપભાઈ એવા એક યુવા ઉદ્યોગ સાહસિક છે જે આત્મનિર્ભર બનવા માંગતા નવયુવાઓ માટે સંદિપભાઈ વઘાસિયા ખરાં અર્થમાં પ્રેરણારૂપ છે.

ઉદ્યોગ સાહસિક સંદિપભાઈ વઘાસિયા સંપર્ક નં. ૯૭૨૭૫૦૨૫૬૪.

**આલેખન: શ્રી ધર્મેશ એન. વાળા**

---

### જિલ્લા ભારતીય કિસાન સંઘની રજુઆત

# અમરેલી જિલ્લાનાં દરેક ફિડરમાં ખેતીવાડી વીજ પુરવઠો પુરતા પ્રમાણમાં આપો

**પીજીવીસીએલનાં અધિકારીને આવેદનપત્ર પાઠવ્યુ**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા પીજીવીસીએલનાં અધિક્ષકને ખેડૂતોને પડતી વીજ તકલીફને દુર કરવાની માંગ સાથે આવેદન પત્ર પાઠવવામાં આવેલ છે.

આવેદન પત્રમાં જણાવેલ છે કે, તાજેતરમાં થોડા સમય પહેલા અન્ય સારો વરસાદ થયેલ હોય જે વરસાદમાં ખેડુતો શીંગ, કપાસ તેમજ અન્ય પાકોનું વાવેતર કરેલ હોઈ હાલ વરસાદ ખેંચાતા ખેડુતોને વાવેલ પાકમાં પિયત આપવાનુ હોઈ હાલ જિલ્લાના દરેક તાલુકા ફીડરોમાં પુરો ૮ કલાક ખેતીવાડી વીજ પુરવઠો મળતો નથી અવાર–નવાર પાવર ફોલ્ટમાં થાય છે. ખેડુતનાં નજીકના ફોલ્ટ સેન્ટરમાં ફરીયાદ લખાવ્યા પછી તુરત ફોલ્ટ રીપેર થતો નથી બે થી ત્રણ દિવસે ફોલ્ટ રીપેર થાય છે તો દરેક તાલુકા કચેરીએ પુરો સ્ટાફ હાજર રહે અને તુરત જ ફોલ્ટ રીપેર કરવામાં આવે તેમજ હજુ બે દિવસ પહેલા જ લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે ખેડુતે પોતાના ખેતરમાં વીજપોલ ઉપર જંપર સ્પાર્ક થતુ હોઈ તેવી રજુઆત કરવા છતા રીપેર કરેલ નહી ને નીચે તીખારા પડતા ખેડૂતની ઉભી જુવાર આશરે બે વિઘાની સળગી ગયેલ હોઈ તો તે ખેડુતના ખેતર જઈ સર્વે કરી તાત્કાલિક વળતર ચુકવવામાં આવે તેમજ સંબધિત અધિકારી સામે પગલા લેવામાં આવે.

વધુમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકા જે મોટા લાંબા ફીડરો છે તેનુ વિભાજન કરવામાં આવે તેમજ અવાર–નવાર ફોલ્ટ થતા હોય તેવા ફીડરોને મરામત કરવામાં આવે તેમજ ભેસવડી અથવા સલડી – ૬૬ કે.વી. સબસ્ટેશનની સરકારના રજુઆત કરી તાત્કાલિક ખેડૂતોના ફોલ્ટ રીપેર થતા ન હોય તો ચલાલા ડીવીઝનમાં ફરજ પરના અધિકારીને કડક સુચના આપી તાત્કાલિક ફોલ્ટ રીપેર કરવા સુચના.

વધુમાં જણાવેલ છે કે, કુંકાવાવ ડીવીઝનમાં પરો સ્ટાફ હાજર રહેતો ન હોઈ ફોલ્ટ સેન્ટરમાં ખેડુતોના ફોન ઉપાડવામાં આવતા ન હોઈ તેમજ ટાઈમસર ફોલ્ટ રીપેર ન હોઈ તે ઘટતુ કરવા સહિતની અનેક સમસ્યાનુ નિરાકરણ કરવા માંગ કરેલ છે.

---

### અમરેલી તાલુકા કોંગેસ પ્રમુખ મનિષ ભંડેરીનું નિવેદન

# ભાજપ સરકારે ખેડુતોને 3 લાખ ઉપરનાં ૨ લાખનાં ધિરાણ ઉપર ૧૧ ટકા વ્યાજ લેવાનો નિર્ણય કર્યો

**ખેડુતો સાથે ભાજપ સરકારે મશ્કરી કર્યાનો આક્ષેપ**

અમરેલી, તા. ૫

ગુજરાતમાં અને કેન્દ્રમાં જયારથી ભાજપની સરકાર આવી છે. ત્યારથી ખેડુતોની માઠી દશા બેસી ગઈ છે. ખેડુત વિરોધી આ ભાજપ સરકાર ખેતી અને ખેડુતોને ખતમ કરવા માટે અવનવા હથકંડા અપનાવી રહી છે. એક બાજુ ખેડુતોને મહામહેનત કરીને પોતાના ખેતરમાં તૈયાર કરેલા પાકનો પોષણક્ષમ ભાવ મળતો નથી. અને બીજી બાજુ ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, ખેત ઓજારો, ખેત મજુરી જેવા ખર્ચાઓ બમણા થઈ ગયા છે. જેની સામે ટકી રહેવા માટે અને ખેતીને બચાવવા માટે ખેડુતો પાક ધિરાણ બેંકોમાંથી ઉપાડતા હોય છે. બેંકો આ પાક ધિરાણ એક વર્ષથી મુદત માટે શુન્ય ટકા વ્યાજે ત્રણ લાખ રૂપિયા ખેડુતોને આપતી હતી. જે કોંગેસ સરકારની દેન હતી. પરંતુ કેન્દ્રની ભાજપ સરકારે ખેડુતોને ચાલુ વર્ષે પાંચ લાખ રૂપિયા ધિરાણ આપવાની મોટા ઉપાડે જાહેરાત કરી હતી. જેના અનુસંધાને બેંકોએ ખેડુતોને પાંચ લાખ રૂપિયાનું ધિરાણ પણ આપેલું હતું. ખેડુતોએ ચાલું વર્ષે પાંચ લાખ રૂપિયાનું ધિરાણ લઈ લીધા બાદ તાજેતરમાં જ ખેડુત વિરોધી કેન્દ્રની ભાજપ સરકારે



ફતવો બહાર પાડયો કે ત્રણ લાખની મર્યાદામાં ધિરાણ આપવામાં આવશે ઉપરના બે લાખ રૂપિયા ખેડુતોને જરૂર ન હોય તો બેંકોમાં પાછા ભરી દેવાના રહેશે અથવા જરૂર હોય તો ઉપરના બે લાખ રૂપિયાનું ૧૧%લેખે વ્યાજ વસુલવા માટે કેન્દ્રની ભાજપ સરકારે ભારત દેશની બેંકોને આદેશ જારી કર્યો છે. આમ ખેડુતોને પાંચ લાખ રૂપિયાનું ધિરાણ આપીને ભાજપ સરકારે મશ્કરી કરવાનું કામ કર્યુ છે. તેમ તાલુકા કોંગેસ પ્રમુખ મનીષ ભંડેરીએ એક નિવેદનમાં જણાવેલ છે.

---

### પોલીસ અધિક્ષક સંજય ખરાતનાં માર્ગદર્શનતળે તાલુકા પોલીસની કામગીરી

# અમરેલી પંથકમાં વૃધ્ધો અને મહિલાઓને ગઠિયાઓ અને છેતરપીંડી કરનારાઓથી બચવા માહિતગાર કરાયા

**મહિલા પોલીસ કર્મીઓની બનેલી ''સી'' ટીમે કામગીરી કરી**




અમરેલી, તા. ૫

સૌથી વધુ સિનિયર સિટિઝન મહિલાઓ ગઠિયા તથા છેતરપીંડી કરતાં શખ્સોનો ભોગ બનતા હોય, ત્યારે અમરેલી જિલ્લા પોલીસ વડા દ્વારા જાગૃતતા લાવવા તથા આવા લોકો છેતરપીંડીનો ભોગ ન બને તે માટે થઈ પોલીસ વિભાગમાં ફરજ બજાવતી મહિલા પોલીસ દ્વારા બનેલી સી ટીમને ખાસ કામગીરી સોંપવામાં આવેલ છે. તે પૈકી અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનની સી–ટીમ દ્વારા સીનીયર સીટીઝનની મુલાકાત લઈ સાઈબર ક્રાઈમ, ચેન સ્નેચીંગ, પાકીટ ચોરી, ૧૮૧ અભ્યમ વિશે જરૂરી માર્ગદર્શન આપી માહિતગાર કરવામા આવ્યા હતા.

અમરેલી પોલીસ અધીક્ષક સંજય ખરાતએ જીલ્લામાં સી–ટીમને સીનીયર સીટીજનોની મુલાકાત લઈ અને તેઓની મુલાકાત કરી શુભેચ્છા આપવા તથા મીલ્કત સબંધી જેવા કે, ચેન સ્નેચીંગ તથા પાકીટ ચોરી અટકાવવા અંગે તથા વિશેષ માહિતગાર કરવા તથા સાઈબર ક્રાઈમને લગતી તથા ૧૮૧ અભયમ અંગેની જરૂરી માહિતી પુરી પાડવા સુચના આપેલ હતી.



જે અન્વયે અમરેલી વિભાગ અમરેલીના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈના માર્ગદર્શન નીચે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. ઓ.કે. જાડેજાની રાહબરી હેઠળ ગત તા. ૪/૬/૨૫ના રોજ અમરેલી રૂરલ પોલીસ સી–ટીમ દ્વારા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારના ચિતલ ગામે ભીડ–ભાડ વાળી જગ્યાએ જઈ સીનીયર સીટીજનોને મહિલાઓ સાથે મુલાકાત કરી અને ચેન સ્નેચીંગ, પાકીટ ચોરી, સાઈબર ક્રાઈમ અંગેના ગુન્હાઓ અટકાવવા અંગે તથા ૧૮૧ અભયમ વિશે પણ જાણકારી આપી જાગૃત કરવામાં આવેલ તેમજ સિનિયર સિટીઝનની મુલાકાત લેવામાં આવેલ હતી.

---

### જિલ્લા વિદ્યાસભા સંચાલિત

# અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજનું બી.એ. સેમ ૦૩નું ૮૫.૪૮. ટકા પરિણામ

**સુનેરા પઠાણ, દ્રષ્ટિ ખુમાણ અને હેમાંશી ટાંક અગ્રેસર**

અમરેલી, તા. ૫

અમરેલી શહેરની મધ્યમાં, ચિતલ રોડ ઉપર છેલ્લા ૩૪ વર્ષથી કાર્યરત શિક્ષણક્ષેત્રે તથા સામાજીક સેવાના ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરતી એકમાત્ર ગ્રાન્ટેડ માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ અમરેલીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ધ્વારા ડીસેમ્બર ૨૦૨૪માં આયોજીત બી.એ.સેમ. ૩ની પરિક્ષામાં નીચે દર્શાવેલ વિદ્યાર્થીનીઓને પ્રથમ ત્રણ કમાંક પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે. પ્રથમ પઠાણ સુનેરા અમજદખાન ૭૮.૧૦%, દ્વિતીય ખુમાણ દ્રષ્ટિ રમેશભાઈ ૮૫.૧૦% , તૃતીય ટાંક હેમાંશી જીગ્નેશભાઈ ૮૩.૧૦%.

કુલ પાસ થયેલ ૧૦૬માંથી ૯૩ વિદ્યાર્થીનીઓએ ફર્સ્ટ કલાસ અને ડિસ્ટીંકશન મેળવીને સંસ્થાને વિશેષ ગૌરવ પ્રાપ્ત કરાવ્યું છે. ઉર્તીણ થનાર તમામને તથા વિશેષ સિધ્ધી પ્રાપ્ત કરનાર પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીનીઓને તથા સમાજશાસ્ત્ર ડિપાર્ટમેન્ટને અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી કિશોરભાઈ મહેતા, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, વિદ્યાસભા નિયામક ડો.ગીરીશભાઈ ભીમાણી તથા કેમ્પસ ડાયરેકટર વી.એન. પેથાણી, ઈન્ચાર્જ આચાર્ય ડો.જી.વી. વેલિયત તથા સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી ખુબખુબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

### જરૂરી ચીજોને ૫%ના સ્લેબમાં રાખે તેવી સંભાવના

# જીએસટી સ્લેબને સરળ બનાવવા માટે મોટું પગલું ઉઠાવવામાં આવી શકે છે

## કાઉન્સિલ તરફથી ૧૨% ના દરને હટાવવાનો પ્રસ્તાવ તૈયાર થઈ રહ્યો છે : ટેક્સ સ્ટ્રક્ચરને સરળ બનાવવા પ્રયાસ

નવી દિલ્હી, તા.૫

હાલ દેશમાં ચાર જીએસટી સ્લેબ (૫%, ૧૨%, ૧૮% અને ૨૮%) છે. જીએસટી કાઉન્સિલ તરફથી આગામી બેઠકમાં જીએસટી સ્લેબને સરળ બનાવવા માટે મોટું પગલું ઉઠાવવામાં આવી શકે છે. સૂત્રોના જણાવ્યાં મુજબ કાઉન્સિલ ચાર સ્લેબ ઘટાડીને તેના ત્રણ સ્લબ કરવા પર વિચાર કરી રહી છે. કાઉન્સિલ તરફથી ૧૨% ના દરને હટાવવાનો પ્રસ્તાવ તૈયાર થઈ રહ્યો છે. આ પગલું ટેક્સ સ્ટ્રક્ચરને સરળ બનાવવા માટે ઉઠાવવામાં આવે તેવી આશા છે. સૂત્રોનો દાવો છે કે જીએસટી કાઉન્સિલના સલાહકાર અધિકારીઓ વચ્ચે આ વાત પર લગભગ સહમતિ બની ચૂકી છે કે ૧૨% સ્લેબ હવે વધુ પ્રાસંગિક નથી.

એક રિપોર્ટ મુજબ સામાન્ય લોકોના ઉપયોગ માટેની જરૂરી વસ્તુઓને ૫%ના સ્લેબમાં રાખવામાં આવી શકે છે. બાકીની ચીજોને ૧૮%ના સ્લેબમાં શિફ્ટ કરવામાં આવી શકે છે. એક સૂત્રએ જણાવ્યું કે "આ રેવન્યૂને પ્રભાવિત કર્યા વગર ટેક્સ દરોને સરળ બનાવવાની સૌથી સારી રીત હોઈ શકે છે. જો કે તેના પર કોઈ પણ પ્રકારનો અંતિમ નિર્ણય જીએસટી કાઉન્સિલ તરફથી લેવાશે." જીએસટી કાઉન્સિલની આગામી બેઠક જૂનના અંતમાં કે જુલાઈમાં થઈ શકે છે. જીએસટી કાઉન્સિલમાં કેન્દ્રીય નાણા મંત્રી અને રાજ્યોના નાણા મંત્રી સામેલ થાય છે. છેલ્લે આ બેઠક ડિસેમ્બર ૨૦૨૪માં થઈ હતી.

હાલ દેશમાં ચાર જીએસટી સ્લેબ ૫%, ૧૨%, ૧૮% અને ૨૮% છે. હાલ જરૂરીયાતની વસ્તુઓ પર ઓછો ટેક્સ અને મોજશોખની વસ્તુઓ પર વધુ ટેક્સ રખાય છે. ગરીબો માટે પેક કર્યા વગરના ખાદ્ય પદાર્થો, દૂધ, મીઠું, તાજા શાકભાજી, શિક્ષણ અને હેલ્થ સર્વિસીસ પર કોઈ પણ પ્રકારના ટેક્સ નથી.

૧૨ ટકાના ટેક્સ સ્લેબમાં આવતી વસ્તુઓ

- વધુ ફેટનું દૂધ, કેવિયાર, ૨૦ લીટરની બોટલમાં પેક પાણી - વોકી ટોકી, ટેંક અને બખ્તરબંધ વાહનો, કોન્ટેક્ટ લેન્સ
- પનીર, ખજૂર, સુકામેવા, સોસ
- પાસ્તા, જેમ, જેલી, ફળોના રસોના પીણા, નમકીન
- દાંતનો પાઉડર, ફીડિંગ બોટલ, ગાલીચા, છત્રી, ટોપી
- સાઈકલ, ઘરેલુ વાસણો, લાકડી કે વાંસના ફર્નીચર
- પેન્સિલ, ક્રેયોન, જ્યૂટ કે કપાસની બેગો, અને ૧૦૦૦ રૂપિયાથી ઓછી કિંમતના જૂતા
- ડાગ્નોસ્ટિક કિટ, સંગેમરમર, અને ગ્રેનાઈટ બ્લોક

જાણકારોનું કહેવું છે કે ૧૨ ટકા સ્લેબ હટાવવાનો નિર્ણય સારો છે. ઈવાય ઈન્ડિયાના ટેક્સ પાર્ટનર સૌરભ અગ્રવાલે કહ્યું કે આગામી જીએસટી કાઉન્સિલની બેઠકમાં ટેક્સ સ્લેબને સરળ બનાવવા પર ફોકસ કરાશે. ૧૨% ના સ્લેબને હટાવીને ત્રણ સ્લેબ કરવાથી કામ સરળ બનશે. આ ફેરફારમાં રેવન્યૂને પ્રભાવિત ન થવા દેવી જરૂરી છે. ૧૨% સ્લેબમાં સામન્ય વ્યક્તિની જરૂરિયાતો અને ઈન્ડસ્ટ્રિયલ સામાન સામેલ છે. તેમને ૫% કે ૧૮% સ્લેબમાં લઈ જવાથી રેવન્યૂ પર અસર પડી શકે છે. ૧૨% થી ૧૮% સ્લેબમાં જતી વસ્તુઓના ભાવ વધી શકે છે.

જીએસટી કાઉન્સિલની બેઠકમાં જો ૧૨ ટકાના ટેક્સ સ્લેબને હટાવવાનો નિર્ણય લેવાય તો તેમાં આવનારી વસ્તુઓને ૫ ટકા કે ૧૮ ટકાના સ્લેબમાં શિફ્ટ કરવામાં આવી શકે. ૧૨થી ૫ ટકાના સ્લેબમાં જનારી વસ્તુઓ જેમ કે મસાલા અને કેરોસિન જેવી વસ્તુઓ સસ્તી થાય તેવી આશા છે. બીજી બાજુ ૧૨થી ૧૮ ટકાના સ્લેબમાં જનારી વસ્તુઓ જેમ કે ડિટરજન્ટ અને પ્લાસ્ટિકના સામાન મોંઘા થઈ શકે. અનેક વિકસિત દેશોમાં જીએસટીના એક કે બે સ્લેબ લાગૂ છે. જો ત્રણ ટેક્સ સ્લેબના સ્ટ્રક્ચરને અપનાવવામાં આવે તો ભારત ગ્લોબલ માપદંડોની નજીક પહોંચી શકે છે. જાણકારોનું કહેવું છે કે જીએસટી રેવન્યૂમાં સતત વધારાથી દરોને સરળ કરવાની જરૂર પડી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ જીએસટી રેવન્યૂ ૯ ટકાથી વધીને ૨૨,૦૮,૮૬૧ કરોડ રૂપિયા થઈ ગઈ. ૨૦૨૩-૨૪માં ૨૦,૧૮,૨૪૯ કરોડ રૂપિયા હતી. હાલના ફાઈનાન્શિયલ યરમાં એપ્રિલ ૨૦૨૫માં રેકોર્ડ ૨,૩૬,૭૧૬ કરોડ રૂપિયાનું કલેક્શન થયું છે. મે ૨૦૨૫માં પણ ૨,૦૧,૦૫૦ કરોડ રૂપિયા રેવન્યૂ આવી. જે અત્યાર સુધીનું ત્રીજુ સૌથી મોટું કલેક્શન છે.

### લી રોક્સ ઇંગ્લેન્ડના આગામી ટેસ્ટ પ્રવાસમાં જોડાશે

# ટીમ ઈન્ડિયાને એક નવા સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ મળ્યા

## એડ્રિયન લી રોક્સ પંજાબ કિંગ્સ સાથેનો કાર્યકાળ સમાપ્ત કર્યા પછી નવા સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ તરીકે જોડાશે

નવી દિલ્હી, તા.૫

ભારતીય ક્રિકેટ ટીમ ૨૦ જૂનથી ઈંગ્લેન્ડ સામે ૫ ટેસ્ટ મેચની શ્રેણી રમશે. નવા કેપ્ટન શુભમન ગિલના નેતૃત્વ હેઠળની ટીમ ટૂંક સમયમાં કોચિંગ સ્ટાફ સાથે ઈંગ્લેન્ડ જશે. આ પહેલા મોટા સમાચાર સામે આવ્યા છે. ટીમ ઈન્ડિયાને એક નવા સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ મળ્યા છે. BCCIએ IPL ફ્રેન્ચાઈઝ પંજાબ કિંગ્સ સાથે સંકળાયેલા એક અનુભવી ખેલાડીને આ પદ પર નિયુક્ત કર્યા છે. અનુભવી ખેલાડીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા ટીમ ઈન્ડિયા સાથે આ નવી સફર શરૂ કરવા બદલ ખુશી વ્યક્ત કરી.

એડ્રિયન લી રોક્સે જાહેરાત કરી છે કે તેઓ પંજાબ કિંગ્સ સાથેનો કાર્યકાળ સમાપ્ત કર્યા પછી ભારતીય પુરુષ ક્રિકેટ ટીમમાં નવા સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ તરીકે જોડાશે. જાન્યુઆરી ૨૦૦૨થી મે ૨૦૦૩ સુધી ભારતીય ટીમના સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ રહ્યા પછી લી રોક્સનો ભારતીય ટીમ સાથેનો આ બીજો કાર્યકાળ હશે. તેઓ હવે ભારતીય ટીમમાં ભૂમિકા ભજવશે, જે તાજેતરમાં સોહમ દેસાઈના ગયા પછી ખાલી પડી હતી.
એડ્રિયન લી રોક્સે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં લખ્યું, અને આ સાથે પંજાબ કિંગ્સ સાથેની મારી ૬ વર્ષની સફરનો અંત આવે છે. આ સિઝનમાં ફાઈનલમાં પહોંચ્યું. બસ ઓછું પડ્યું, અને હા, તે ખરેખર દુ:ખદ હતું. પરંતુ મને ટીમ પર ખૂબ ગર્વ છે, અમે જે રીતે તૈયારી કરી, જે રીતે રમ્યા અને જે રીતે અમે અંત સુધી લડ્યા. તે કેટલી સારી સફર રહી છે. ટીમ, ઓનર, મેનેજમેન્ટ, કોચ, ખેલાડીઓ અને મારા સાથીદારોનો ખૂબ ખૂબ આભાર!

કેપ ટાઉનનાલી રોક્સ આ વ્યવસાયમાં શ્રેષ્ઠ હોવા માટે મજબૂત પ્રતિષ્ઠા ધરાવે છે. તેઓ જૂન ૨૦૦૩થી ઓગસ્ટ ૨૦૦૭ સુધી દક્ષિણ આફ્રિકાની પુરુષ ટીમના સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ હતા. તેમણે મે ૨૦૧૮ થી જૂન ૨૦૨૪ સુધી ક્રિકેટ સાઉથ આફ્રિકા માળખામાં મુખ્ય સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ તરીકે પણ સેવા આપી હતી. પંજાબ કિંગ્સ સેટ-અપમાં ૬ વર્ષના કાર્યકાળ ઉપરાંત, લી રોક્સ જાન્યુઆરી ૨૦૦૮ થી ડિસેમ્બર ૨૦૧૯ સુધી કોલકાતા નાઈટ રાઈડર્સના સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ હતા, તે સમયગાળો જ્યારે ટીમે ૨૦૧૨ અને ૨૦૧૪ માંવર્તમાન ભારતીય મુખ્ય કોચ ગૌતમ ગંભીર હેઠળ IPL ટ્રોફી જીતી હતી. ભારતીય ટીમ સાથેના તેમના બીજા કાર્યકાળમાં લી રોક્સનો પ્રથમ કાર્યકાળ ૨૦ જૂનથી લીડ્સમાં શરૂ થનારો ઈંગ્લેન્ડનો આગામી ૫ મેચનો ટેસ્ટ પ્રવાસ હશે.

શુભમન ગિલની આગેવાની હેઠળની ટીમ એજબેસ્ટન, લોર્ડ્સ અને ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ટેસ્ટ રમશે, ત્યારબાદ શ્રેણી ઓવલ ખાતે સમાપ્ત થશે. ભારત ૨૦૦૭ પછી પહેલીવાર ઈંગ્લેન્ડમાં ટેસ્ટ શ્રેણી જીતવાનું લક્ષ્ય ધરાવે છે. ૪ ઓગસ્ટ સુધી ચાલનારી આ શ્રેણી ગિલના નેતૃત્વ હેઠળના ભારત માટે એક નવા વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપ ચક્રની શરૂઆત પણ દર્શાવેછે.

### પાલમાં ડોક્ટરનો રિપોર્ટ આવ્યો પોઝેટિવ

# સુરતમાં વધ્યું સંક્રમણ, વધુ સાત કોરોનાના કેસ નોંધાયા

## કોરોનાની રીએન્ટ્રીએ ફરી એકવાર ચિંતા જગાડી

સુરત, તા.૫

કોરોનાની રીએન્ટ્રીએ ફરી એકવાર ચિંતા જગાડી છે. કોરોના કેસ સતત વધી રહયાં છે. રાજયમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૪ કલાકમાં રાજયમાં કોરોનાના ૧૧૮ કેસ નોંધાયા છે. રાજયમાં કોરોનાના એક્ટિવ કેસનો આંક ૫૦૮ અને ૪૯૦ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. સુરતમાં પણ કોરોનાએ માથું ઉચક્યું છે. અહીં વધુ સાત કેસ નોંધાતા ચિંતા વધી છે. સુરત પાલના ડોકટર સંક્રમિત થયા છે. મુંબઈથી પરત આવેલા વૃદ્ધ સહિત સાતના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યાં છે.બે દર્દીઓ હોસ્પિટલમાં, પાંચ હોમ આઈસોલેશન કરાયા છે. સુરત શહેરમાં અત્યાર સુધી ૩૫ કેસ નોંધાયા છે. રાજયમાં કોરોનાના કેસમાં ચિંતાજનક વધારો થયો છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૧૯ કેસ નોંધાયા હતા. રાજયમાં હાલ ૫૦૮ એક્ટિવ કેસ છે જે પૈકી ૧૮ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જયારે ૪૯૦ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. જયારે સ્વસ્થ થયેલા ૭૨ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

તે સિવાય અમદાવાદ શહેરમાં પણ કોરોના કેસમાં વધારો થયો છે. બુધવારે શહેરમાં કોરોનાના વધુ ૭૧ કેસ નોંધાયા હતા. જયારે ૨૦ વર્ષીય સગર્ભા યુવતીનું મોત થયું હતું. અત્યાર સુધી શહેરમાં કોરોનાથી ૩ મહિલાના મોત થયા છે. છેલ્લા એક મહિનામાં શહેરમાં ૪૦૧ કેસ નોંધાયા છે. હાલ અમદાવાદમાં કોરોનાના ૨૮૧ એક્ટિવ કેસ છે. જેમાંથી મોટાભાગના હોમ આઈસોલેશનમાં છે. સૌથી વધારે એક્ટિવ કેસ પશ્ચિમના વિસ્તારોમાં છે. મધ્ય ઝોન, ઉત્તર ઝોન, પૂર્વ ઝોન અને દક્ષિણ ઝોનમાં કુલ ૪૭ એક્ટિવ કેસ છે. તેની સામે તેના કરતા બમણા એક્ટિવ કેસ માત્ર ઉત્તર-પશ્ચિમ ઝોનમાં છે. હાલ સિવિલ હોસ્પિટલમાં ૩ દર્દીઓ સારવાર હેઠળ છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારતમાં ઓછામાં ઓછા ૨૭૬ કોવિડ-૧૯ કેસ નોંધાયા છે, જેનાથી એક્ટિવ કોવિડ-૧૯ કેસની કુલ સંખ્યા ૪,૩૦૨ થઈ ગઈ છે, જેમાં કેરળમાં સૌથી વધુ ૧,૩૭૩ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ૫૧૦, ગુજરાતમાં ૪૬૧ અને પશ્ચિમ બંગાળમાં ૪૩૨ કેસ નોંધાયા છે.

રાષ્ટ્રીય રાજધાનીમાં ઓછામાં ઓછા ૪૫૭ કોવિડ-૧૯ કેસ નોંધાયા છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪૪ કોવિડ-સંબંધિત મૃત્યુ નોંધાયા છે, જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૪ મૃત્યુ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ઓછામાં ઓછા સાત મૃત્યુ નોંધાયા છે, જેમાંથી ચાર મહારાષ્ટ્રમાં છે. આ સમયગાળા દરમિયાન ગુજરાત અને દિલ્હીમાં પણ કોવિડ-સંબંધિત એક-એક મૃત્યુ નોંધાયુ છે.

### પવનની ગતિ પણ સામાન્ય રહેવાનું અનુમાન

# ચોમાસાની એન્ટ્રી માટે ગુજરાતે હજુ જોવી પડશે રાહ

## ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, પૂર્વ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદનું અનુમાન

અમદાવાદ, તા.૫

રાજ્યમાં હાલ હળવાથી મધ્યમ છુટછવાયો વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગના અનુમાન મુજબ હજુ પણ આગામી ૨ દિવસ વરસાદનું જોર વધશે અને રાજ્યના કેટલાક ભાગોને મેઘરાજા ભીંજવશે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, પૂર્વ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદનું અનુમાન છે. રાજ્યના કોઈપણ હાલ ધોધમાર વરસાદની શક્યતા નથી., આ તમામ વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદનું અનુમાન છે. પવનની ગતિ પણ સામાન્ય રહેવાનું અનુમાન છે.

હવામાન વિભાગની આગાહી મુજબ દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં આગામી ૨ દિવસ વરસાદનું અનુમાન છે. એટલે કે સુરત, નવસારી,વલસાડ, ડાંગ, તાપીમાં વરસાદનું અનુમાન છે. આ સિવાય વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, આણંદ, દાહોદ, પંચમહાલ, અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદનું અનુમાન છે. સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, પાટણમાં પણ આગામી ૨ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રની વાત કરીએ તો ભાગનગર, બોટાદ, ગીર સોમનાથ સુરેન્દ્રનગર, હળવા ઝાપટાની શક્યતા છે. ૨૪ મેના રોજ કેરળથી ચોમાસાની શરૂઆત થઈ. અરબી સમુદ્રમાં જે સિસ્ટમ બની હતી. જે મહારાષ્ટ્ર તરફ જતાં જેના કારણે મહારાષ્ટ્રમાં ચોમાસાની વહેલી શરૂઆત થઈ ગઈ.

સામાન્ય રીતે મહારાષ્ટ્રમાં ચોમાસુ ૧૦ જૂન આવે છે પરંતુ આ સિસ્ટમના કારણે મહારાષ્ટ્રમાં ૨૫ મેના રોજ મહારાષ્ટ્રમાં પહોંચી ગયું.જો કે બાદ અહીં ચોમાસુ સ્થગિત થઈ ગયું. જેના કારણે ગુજરાતમાં ચોમાસુ ૧૨ મેની આસપાસ એન્ટ્રી કરે તેવી શક્યતા છે. અન્ય રાજ્યોની વાત કરીએ જૂન મહિનાની શરૂઆત દિલ્હી-એનસીઆરમાં વરસાદથી થઈ હતી, પરંતુ હવે રાજધાનીમાં ગરમી યુટર્ન લેવા જઈ રહી છે. આજથી દિલ્હીમાં તાપમાનનો પારો ધીમે ધીમે વધશે, જેના કારણે દિલ્હીમાં ગરમીનો અનુભવ થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે દિલ્હીનું મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી રહેવાની શક્યતા છે. જોકે, આ અઠવાડિયાના અંત સુધીમાં રાજધાનીનું મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે.

આસામમાં બુધવારે પૂરની સ્થિતિ ગંભીર બની ગઈ હતી જેમાં વધુ બે લોકોના મોત થયા હતા જ્યારે ૨૧ જિલ્લાઓમાં અસરગ્રસ્ત લોકોની સંખ્યા લગભગ ૬.૮ લાખ થઈ ગઈ હતી. બ્રહ્મપુત્ર સહિત નવ નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી હતી જ્યારે ગુવાહાટી સ્થિત પ્રાદેશિક હવામાન કેન્દ્ર (RMC) એ રાજ્યમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી હતી. રાજ્યના ઘણા ભાગોમાં રોડ, રેલ અને ફેરી સેવાઓ પ્રભાવિત રહી હતી. પૂરને કારણે ૬૬ મહેસૂલ વર્તુળો અને ૨૧ જિલ્લાઓના ૧,૪૯૪ ગામોમાં કુલ ૬,૭૯,૪૨૩ લોકો પ્રભાવિત થયા છે.

### ભાતીગળ લોકમેળોની તારીખ થઈ ગઈ કન્ફર્મ

# લોકમેળો આ વર્ષે ૧૪થી ૧૮ ઓગસ્ટ દરમિયાન યોજાશે

## જન્માષ્ટમી નિમિત્તે સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો રાજકોટના રેસકોર્સ મેદાનમાં યોજવામાં આવે છે

રાજકોટ, તા.૫

રાજકોટમાં જન્માષ્ટમીમાં યોજાતો સૌરાષ્ટ્રનો સૌથી મોટો ભાતીગળ લોકમેળો આ વર્ષે રેસકોર્સ મેદાનમાં યોજાઈ રહ્યો છે તે વિસ્તારના ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ છેલ્લા એક વર્ષથી આ મેળાનું સ્થળ બદલીને સ્માર્ટ સીટી ગણાતા અટલ સરોવર પાસે યોજવા માટેની માંગણી કરી રહ્યા છે. તેની સામે રાજકોટ શહેરના સમાજ અને નગર શ્રેષ્ઠી પરષોત્તમ પીપળીયા પડ્યા છે. તેમને લોકમેળાનું સ્થળ બદલવા સામે વિરોધ કર્યો છે.

રાજકોટમાં જન્માષ્ટમીના લોકમેળાને લઈને ધારાસભ્ય દર્શિતા શાહે જણાવ્યું હતું કે, રેસકોર્સ મેદાનમાં દર વર્ષે યોજાતા લોકમેળામાં લાખો લોકોની ભીડ ઉમટી પડે છે અને આ દરમિયાન મેળો પણ યોગ્ય રીતે યોજાઈ શકાતો નથી આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે જેને લઈને વિસ્તારવાસીઓની પણ વર્ષોથી ફરિયાદ છે આ સમગ્ર બાબતોને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લાની સંકલન સમિતિમાં છેલ્લા એક વર્ષથી રજૂઆત કરી રહી છું કે લોકમેળાનું સ્થળ રેસકોર્સ મેદાનથી બદલીને અટલ સરોવર પાસે કરવામાં આવે. રાજકોટમાં જન્માષ્ટમી નિમિત્તે યોજાતો સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો આ વર્ષે ૧૪થી ૧૮ ઓગ્સ્ટ દરમિયાન યોજાશે. જન્માષ્ટમી નિમિત્તે સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો રાજકોટના રેસકોર્સ મેદાનમાં યોજાય છે. આ વર્ષે આ લોકમેળો ૧૪થી ૧૮ ઓગ્સ્ટ સુધી યોજાશે.

તેમણે જણાવ્યું હતું કે રાજકોટનુ અટલ સરોવર પાસે સ્માર્ટ સિટીનું નિર્માણ થઈ રહ્યું છે આ દરમિયાન અટલ સરોવર આસપાસની ૯૦૦૦૦ સ્ક્વેર મીટર જેટલી જગ્યા ખાડા વાળી છે તેને સફળ કરવા માટે રાજકોટના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના શહેરી વિકાસ વિભાગ સમક્ષ રૂ. ૧૨ કરોડની ગ્રાન્ટ માંગવામાં આવી હતી. જે સત્વરે ફાળવવામાં આવે તેના માટે રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી હતી. જ્યારે આ મામલે રાજકોટના નગર શ્રેષ્ઠી અને જાગૃત નાગરિક પુરૂષોતમ પીપળીયાએ જણાવ્યું હતું કે, શહેરના રેસકોર્સ મેદાનમાં જન્માષ્ટમીમાં યોજાતો લોકમેળો આસપાસના ગ્રામજનો અને તાલુકા મથકના લોકો દર વર્ષે માણી રહ્યા હતા. જેથી આ મેળા માટે રાજકોટ શહેરની મધ્યમાં આવેલા મેદાન હોય તે આવશ્યક છે એટલે કે રેસકોર્સ અથવા શાસ્ત્રી મેદાનમાં લોકમેળો યોજવો જોઈએ. કારણકે ગરીબ વર્ગના લોકોને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ ન કરવો પડે. જો રાજકોટ શહેરની બહાર એટલે કે સાત કિલોમીટર દૂર લોકમેળો યોજવામાં આવે તો ગરીબ લોકોને તગડા રીક્ષા ભાડા ચૂકવવા પડે.

ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે હાલ બે છેડા ભેગા કરવા પણ ખૂબ જ મુશ્કેલ બન્યા છે ત્યારે જન્માષ્ટમીનો લોકમેળો બહાર લઈ જવાને બદલે હાલ જે જગ્યાએ યોજાય છે તે રેસકોર્ષ મેદાન અથવા તો શાસ્ત્રી મેદાનમાં જ યોજાવો જોઈએ તેવું મારું સ્પષ્ટ માનવું છે. ડિઝાસ્ટરની દ્રષ્ટિએ વાત કરીએ તો હાલ રેસકોર્સ મેદાનમાં લોકમેળો યોજાય છે ત્યારે તેની નજીક જ ફાયર સ્ટેશન આવેલા છે આ ઉપરાંત સરકારી હોસ્પિટલ પણ નજીક આવેલી છે. પોલીસ સુરક્ષાની દ્રષ્ટિએ પણ લોકમેળો રેસકોષમાં યોજાય તે હિતાવહ છે.

### ત્રણ વર્ષ બાદ ઓવરટનની વાપસી

# ભારત વિરુદ્ધ ટેસ્ટ મેચ માટે ઈંગ્લેન્ડની ટીમ જાહેર થઈ

## ટીમમાં ફાસ્ટ બોલર બ્રાઇડન કાર્સ, જેકબ બાથેલ અને ઓલરાઉન્ડર ક્રિસ વોક્સ જેવા ખેલાડીઓનો સમાવેશ

લંડન, તા.૫

લીડ્સ (હેડિંગ્લી) ખાતે ભારત સામેની પ્રથમ ટેસ્ટ મેચ માટે ઈંગ્લેન્ડે પોતાની ક્રિકેટ ટીમની જાહેરાત કરી છે. ૧૪ સભ્યોની ટીમમાં ફાસ્ટ બોલર જેમી ઓવરટને ૩ વર્ષ પછી ટેસ્ટ ટીમમાં વાપસી કરી છે. ઓવરટન લાંબા સમયથી ટીમની બહાર હતો, જ્યારે ગુસ એટકિન્સનને તક મળી નથી.
ઓવરટને છેલ્લે જૂન ૨૦૨૨ માં હેડિંગ્લી ખાતે ન્યૂઝીલેન્ડ સામે ઈંગ્લેન્ડ માટે ટેસ્ટ મેચ રમી હતી. તાજેતરમાં, વેસ્ટ ઈન્ડીઝ સામેની પ્રથમ વનડે દરમિયાન, તેના જમણા હાથની ટચલી આંગળીમાં ફ્રેક્ચર થયું હતું, ત્યારબાદ ઈંગ્લેન્ડની મેડિકલ ટીમ તેની સ્થિતિ પર નજર રાખી રહી છે.

ઈંગ્લેન્ડની ૧૪ સભ્યોની ટીમમાં ફાસ્ટ બોલર બ્રાઈડન કાર્સ, જેકબ બાથેલ અને ઓલરાઉન્ડર ક્રિસ વોક્સ જેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે. આ ત્રણેય ખેલાડીઓ છેલ્લે ડિસેમ્બરમાં ન્યુઝીલેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં જોવા મળ્યા હતા, જ્યારે કાર્સ અને વોક્સ તાજેતરમાં ઈજાને કારણે ઝિમ્બાબ્વે સામે રમી શક્યા ન હતા. તેમજ પેસ બોલર ગુસ એટકિન્સન હેમસ્ટ્રિંગ ઈજાને કારણે આ વખતે ટેસ્ટ ભારત સામેની મેચ રમી નહિ શકે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ટેસ્ટ મેચની સિરીઝની પ્રથમ મેચ ૨૦ જૂનથી લીડ્સના હેડિંગલી મેદાનમાં રમાશે. છેલ્લા ૧૮ મહિનામાં ઈંગ્લેન્ડની ટીમમાં ઘણો ફેરફાર થયો છે. ભારતમાં ટેસ્ટ સિરીઝ ૪-૧થી હારી ગયા બાદ, ઘણા મોટા ખેલાડીઓ ટીમની બહાર હતા. ત્યાર પછી જેમ્સ એન્ડરસને ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. જોની બેયરસ્ટો, બેન ફોક્સ અને ઓલી રોબિન્સન પણ હવે ટીમમાં નથી. જો ભારતીય ટીમની વાત કરીએ તો તેમાં પણ મોટો ફેરફાર જોવા મળ્યો છે. રવિચંદ્રન અશ્વિન, વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા સિનિયર ખેલાડીઓ નિવૃત્તિ લઈ ચૂક્યા છે. હવે શુભમન ગિલ ભારતની ટેસ્ટ ટીમનો નવો કેપ્ટન બન્યો છે અને પહેલીવાર ટીમની જવાબદારી સંભાળશે.

ભારત સામેની પ્રથમ ટેસ્ટ માટે ઈંગ્લેન્ડની ટીમ : બેન સ્ટોક્સ (કેપ્ટન), શોએબ બશીર, જૈકબ બથેલ, હેરી બ્રુક, બ્રાઈડન કાર્સ, સેમ કૂક, ઝેક ક્રોલી, બેન ડકેટ, જેમી ઓવરટન, ઓલી પોપ, જો રૂટ, જેમી સ્મિથ, જોશ ટંગ, ક્રિસ વોક્સ.

ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ૧૮ સભ્યોની ભારતીય ટીમ : શુભમન ગિલ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, સાઈ સુદર્શન, રિષભ પંત (વાઈસ-કેપ્ટન/વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, રવીન્દ્ર જાડેજા, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), અભિમન્યુ ઈશ્વરન, શાર્દુલ ઠાકુર, જસપ્રિત બુમરાહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણ, કરુણ નાયર, વોશિંગ્ટન સુંદર, આકાશ દીપ, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ.

### અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

# શ્રીરામ દરબાર સહિત ૧૪ મૂર્તિઓની પણ થઈ પ્રતિષ્ઠા

## અંતિમ દિવસે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ પ્રાણ પ્રતિષ્ઠાની પ્રક્રિયામાં સહભાગી થયા હતા

અયોધ્યા, તા.૫

ભગવાન શ્રી રામની નગરી અયોધ્યા આજે બીજી વાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની સાક્ષી બની રહી છે. કારણ કે શ્રી રામ જન્મભૂમિ મંદિરના પ્રથમ માળે રામ દરબારની પ્રાણ પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ યોજાયો છે. ૩ જૂનથી શરૂ થયેલા આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આજે અંતિમ દિવસ છે, ત્યારે મહોત્સવમાં ભાગ લેવા માટે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે રામ મંદિર પહોંચ્યા હતા.

રામનગરી અયોધ્યા ફરી એકવાર ઐતિહાસિક ક્ષણની સાક્ષી બની છે. આજે સવારે ૧૧.૨૫ વાગ્યે અભિજિત મુહૂર્તમાં રામ મંદિરમાં રામ દરબારની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. આ દરમિયાન મંદિર પરિસરમાં ભગવાનના શેષ અવતાર સહિત મા અન્નપૂર્ણા, ગણેશ, ભગવતી, ભગવાન શિવ, ભગવાન રામના પરિવારના દેવતા, ભગવાન સૂર્ય અને હનુમાનજીના મંદિર મળી કુલ ૮ મંદિરોમાં ૧૪ મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા આજે પૂર્ણ થઈ છે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા આયોજિત આ ત્રણ દિવસીય ધાર્મિક મહોત્સવની શરૂઆત ૩ જૂનથી થઈ હતી. જેમાં ગણેશ પૂજન, પ્રાયશ્ચિત કર્મ પૂજા અને મહિલાઓ દ્વારા ભવ્ય કળશ યાત્રા જેવી વિધિઓ યોજાઈ હતી. બીજા દિવસે યજ્ઞશાળામાં હવન, આરતી અને અન્નાધિવાસ, ઘૃતાધિવાસ, જલાધિવાસ જેવી વૈદિક વિધિઓનું આયોજન કરાયું હતું. આજે અંતિમ દિવસે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ પ્રાણ પ્રતિષ્ઠાની પ્રક્રિયામાં સહભાગી થયા હતા. આ વખતે ભગવાન શ્રીરામને રાજા રામના રૂપમાં તેમના પરિવાર - સીતા, લક્ષ્મણ, હનુમાન અને અન્ય સાથે રામ દરબારમાં સ્થાપિત કરવામાં આવ્યા છે. આજે અભિજિત મુહૂર્તમાં ૧૦૧ વૈદિક વિદ્વાનો દ્વારા વૈદિક રીત-રિવાજો સાથે રામ દરબારની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. આ ઉપરાંત, મંદિર પરિસરમાં આવેલા આઠ અન્ય મંદિરોમાં પણ દેવ વિગ્રહોની સ્થાપના કરવામાં આવી છે. આ શુભ અવસરે CM યોગી આદિત્યનાથ યજમાન બન્યા છે, તેઓ હેલિકોપ્ટર મારફતે અયોધ્યા પહોંચ્યા છે. ઝસ યોગીએ વૈદિક આચાર્યોની હાજરીમાં રામ દરબારની પ્રાણ પ્રતિષ્ઠામાં ભાગ લઈ વિધિવત્ રીતે મંત્રોચ્ચાર સાથે ખાસ પૂજા કરી હતી. બાદમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે, આજે ગંગા દશેરાની પવિત્ર તિથિ છે, જેથી આજનો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ અને પવિત્ર છે. મહારાજ ભગીરથની તપસ્યાને કારણે દિવ્ય નદીનું અવતરણ થયું અને મા ગંગાના કારણે, માત્ર મોક્ષ પ્રાપ્તિની ઈચ્છા જ નહીં, પરંતુ દરેક ભારતવાસીની ઈચ્છા પણ પૂર્ણ થઈ છે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ચંપત રાયે જણાવ્યું કે, આ ધાર્મિક વિધિઓ માટે સામાન્ય ભક્તોને આમંત્રણ આપવામાં આવ્યું નથી, કારણ કે પ્રથમ માળ અને આસપાસના મંદિરો હજુ નિર્માણ હેઠળ છે.

જોકે, રામ લલ્લાના દર્શન માટે મંદિર ખુલ્લું રહેશે. કાર્યક્રમને ધ્યાનમાં રાખીને અયોધ્યામાં ATS કમાન્ડો અને આર્મર્ડ વાહનો સાથે ઉચ્ચ સ્તરની સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, જેથી આ ઐતિહાસિક ઘટના શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે.૭

### ૨૪ કલ[redacted]ના મોત

# કોરોના કે[redacted]ટિવ કેસનો આંકડો પ[redacted]રની નજીક

## દિલ્હીમાં છેલ્લા ૨૪ [redacted]થી બે દર્દીના મોત

નવી દિલ્હી, તા.૫

દેશમાં કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. દેશભરમાં કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૪,૮૬૬ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં ૫૬૪ નવા કેસ નોંધાયા છે. કોરોનાને કારણે સાત લોકોએ જીવ ગુમાવ્યા છે. દિલ્હીમાં ૧૦૫ નવા કેસ નોંધાયા છે. ૩૯૫૫ લોકો સ્વસ્થ પણ થયા છે.

સરકારી આંકડા અનુસાર, દિલ્હીમાં કુલ ૫૬૨ કોરોનાના સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં બે દર્દીઓના મોત થયા છે. જેમાં પાંચ મહિનાની એક બાળકી અને ૮૭ વર્ષનો એક પુરુષનો સમાવેશ થાય છે.

[redacted]

પણ હતા.

અન્ય રાજ્યોની વાત કરીએ તો કેરળમાં સૌથી વધુ ૧૪૮૭ સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૧૧૪ નવા કોરોના કેસ નોંધાયા છે. દિલ્હી, મહારાષ્ટ્ર, બંગાળ અને ગુજરાતમાં પણ ૫૦૦થી વધુ સક્રિય કેસ છે.

સૌથી ઓછા કેસ ધરાવતા રાજ્યોની વાત કરીએ તો, તેમાં અરુણાચલ પ્રદેશ, આસામ, ચંદીગઢ, ગોવા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, મિઝોરમ, સિક્કિમ, તેલંગાણા, ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. આ રાજ્યોમાં કોરોના કેસની સંખ્યા ૧૦થી ઓછી છે.

### સલમાન ખાન હિન્દી ફિલ્મ ઉદ્યોગનો એ અનોખો સ્ટાર છે

# સલમાન ખાને તેની આગામી ફિલ્મ માટે પોતાનો લુક બદલ્યો

મુંબઈ, તા.૫

સલમાન ખાન હિન્દી ફિલ્મ ઉદ્યોગનો એ અનોખો સ્ટાર છે, જેના ચાહકો દુનિયાભરમાં હાજર છે. તેમની ફિલ્મોને લઈને ચાહકોમાં જબરદસ્ત ક્રેઝ છે. જોકે, પાછલો સમય સલમાન માટે અભિનેતા તરીકે ખાસ રહ્યો નથી અને આ વર્ષે આવેલી તેમની બહુચર્ચિત ફિલ્મ સિકંદર બોક્સ ઓફિસ પર ડિઝાસ્ટર સાબિત થઈ.હવે સલમાન ખાને તેમની આગામી વોર ડ્રામા ફિલ્મની તૈયારી શરૂ કરી દીધી છે અને આ માટે ભાઈજાને પણ પોતાનો લુક બદલ્યો છે. જેની પહેલી ઝલક સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.સલમાન ખાન એક એવો અભિનેતા છે જે સ્ક્રિપ્ટની માંગ મુજબ ફિલ્મોમાં પોતાનો લુક બદલે છે. હવે સલમાને તેની આગામી ફિલ્મ માટે પણ કંઈક આવું જ કર્યુ છે.ખરેખર, તેનો એક ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં સલમાન મૂછો સાથે જોવા મળી રહ્યો છે. આ ફોટો જોયા પછી, ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે આ તેની આગામી નવી ફિલ્મ માટે છે. ભાઈજાન



દિગ્દર્શક અપૂર્વ લાખિયા દ્વારા દિગ્દર્શિત યુદ્ધ નાટક ફિલ્મ માટે સમાચારમાં છે, જે ૨૦૨૦ માં ગાલવાન ખીણમાં ભારત અને ચીન વચ્ચેના લશ્કરી સંઘર્ષ પર આધારિત હશે.સલમાન પોતાની બાયોપિકમાં કર્નલ બી સંતોષ બાબુની ભૂમિકા ભજવતો જોવા મળી શકે છે, જે આ યુદ્ધમાં શહીદ થયા હતા. ફોટો જોઈને અનુમાન લગાવી શકો છો કે સલમાન ખાને પોતાનો દેખાવ બદલીને ઓન-સ્ક્રીન સૈનિક સંતોષ જેવો દેખાડ્યો છે. જોકે, તેની આગામી ફિલ્મની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

# ધારી : આંબરડી સફારી પાર્ક ખાતે ''એક પેડ મા કે નામ'' અંતર્ગત વૃક્ષારોપણ કરાયુ







ધારી વિ પર્યાવરણ દિન નિમિત્તે ગીર (પૂર્વ) વન વિભાગના નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ (ભા.વ.સે.)ના માર્ગદર્શન હેઠળ આંબરડી સફારી પાર્ક ખાતે આગવી રીતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિ પર્યાવરણ દિવસ ૨૦૨૫ની થીમ '‘#Beating Plastic Pollution''ને અનુરૂપ વિવિધ કાર્યક્રમ તથા એશિયાઈ સિંહોના સંવર્ધનમાં અમરેલી જિલ્લાના લોકો તથા વનવિભાગની ભાગીદારીના લીધે સિંહ વસ્તી અંદાજ-૨૦૨૫માં સૌથી વધુ સિંહની વસ્તી (૩૩૯) ધરાવતા જિલ્લા તરીકે અમરેલી જિલ્લો અગ્ર સ્થાને રહેલ છે એની પણ ઉજવણી ગીર (પૂર્વ) વન વિભાગ દ્વારા ૩૩૯ વિદ્યાર્થીઓ દ્વારા સફારી પાર્ક ખાતે સિંહની મુખાકૃતિનું નિર્માણ કરીને કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે મિશન લાઈફની શપથ લેવામાં આવી તથા મહાનુભાઓ દ્વારા ''એક પેડ માઁ કે નામ ૨.૦'' અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ગીર પૂર્વ વન વિભાગના ના.વ. સં. દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકના કારણે થતી પર્યાવરણીય સમસ્યાઓ અને તેના ઉપાય રૂપે ''મિશન લાઈફ'' વિશે તમામને અવગત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ધારીના ધારાસભ્ય શ્રી જે. વી.કાકડિયા, પૂર્વ માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડન મહાવીર બાપુ, ના.વ.સં. વિકાસ યાદવ તથા વન વિભાગના અન્ય અધિકારી/કર્મચારી તથા શાળા, કોલેજોના વિદ્યાર્થીઓ તથા શિક્ષક ગણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ હેઠળ પર્યાવરણીય વિષયો ઉપર ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ડીબેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અગ્રેસર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### અનેક રીતે ગુણકારી લીમડો પ્રાકૃતિક કૃષિ માટે પણ કલ્પવૃક્ષ

## જમીનની ફળદ્રુપતા સુધારતો અને જમીનમાં ક્ષારત્વ ઘટાડતો સ્વાદે કડવો ''લીમડો'' પર્યાવરણનો ઉત્તમરક્ષક

### યુનાઇટેડ નેશન્સ દ્વારા ''લીમડા''ને એકવીસમી સદીના 'વૃક્ષ' તરીકેની ઓળખ મળી




અમરેલી, તા. ૫

ભારતમાં ''લીમડા''ના વૃક્ષને કલ્પવૃક્ષ કહેવામાં આવે છે. આયુર્વેદની અનેક દવાઓ અને પાકરક્ષક દવાઓ તથા ખાતર આપનાર કડવો ''લીમડો'' પર્યાવરણનો ઉત્તમ સંરક્ષક તરીકે ઉપયોગી છે. ''નીમહકીમ'' તથા ગામડાની ફાર્મસી તરીકે લીમડો એક આગવી ઓળખ ધરાવે છે.

''લીમડો''ના તેલમાં એઝાડિરેકિટન, નીમ્બિન, નીમ્બિડિન, સેલેનિન, મેલિઓન્ટ્રીઓલ જેવા ૧૦૦થી વધુ સક્રિય ઘટકો છે, જે પ્રાકૃતિક કૃષિમાં મોલોમસી, સફેદમાખી, થ્રીપ્સ, મીલીબગ સહિત વિવિધ ઈયળો જેવા ૨૦૦ કરતા વધુ નુકસાનકારક જીવાતો સામે રક્ષણ આપે છે. લીમડાની છાલ, બીજ, પાંદડા અનેક સંયોજન ધરાવે છે જે એન્ટિસેપ્ટિક, એન્ટિવાયરલ, એન્ટિપ્રાયરેટિક્સ, બળતરાવિરોધી અને એન્ટિફંગલ સાબિત થાય છે. ''લીમડો''ના વિવિધ ઉપયોગો અને પર્યાવરણ રક્ષણમાં તેના મહત્વપૂર્ણ યોગદાનના કારણે યુનાઈટેડ નેશન્સ દ્વારા '‘લીમડો''ને એકવીસમી સદીના વૃક્ષ તરીકેની ઓળખ મળી છે.

જી.એન.એફ.સી. દ્વારા વર્ષ-૨૦૧૫માં બહુઆયામી 'નીમ પ્રોજેક્ટ' શરૂ કરવામાં આવ્યો હતો. ''લીમડો''ની લીંબોળીમાંથી મળતા ઓઈલ (તેલ) દ્વારા નર્મદા યુરિયાને નીમકોટિંગ કરવામાં આવેછે. લીમડાના દાણા (લીંબોળી)ને તેલ માટે કચડી નાખ્યા પછી જે વધે છે તેને લીમડાની કેક અથવા લીંબોળીનો ખોળ કહે છે.

લીંબોળીનો ખોળ (નીમ કેક)નો ઉપયોગ પ્રાકૃતિક કૃષિમાં કાર્બનિક ખાતર તરીકે કરી શકાય છે. કારણ કે તેનાથી છોડના વિકાસમાં મદદ મળે છે, તેમાં છોડના વિકાસને મદદ કરતા તમામ પોષક તત્વો સામેલ છે તે બાયો-ડિગ્રેડેબલ છે ઉપરાંત વિવિધ પ્રકારના ખાતર સાથે તેનો ઉપયોગ કરી શકાય છે.

લીંબોળીનો ખોળ (નીમ કેક)નો ઉપયોગ જમીન સુધારક તરીકે પણ કરવામાં આવે છે. તે જમીનમાં કાર્બનિક દ્રવ્યોની સામગ્રીને સુધારે છે. જમીનની રચના, જમીનની પાણીને પકડી રાખવાની ક્ષમતામાં વધારો કરે છે. જમીનની ફળદ્રુપતા પણ સુધારે છે. જમીનમાં ક્ષારત્વ ઘટાડે છે.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં ઉપદ્રવી જીવાતનું નિયંત્રણ મહત્વનું છે. ''લીમડા''માં ઉપદ્રવી જીવાતના વિકાસને અવરોધવાની અસરકારક ક્ષમતા છે. એઝાડિરેકિટન જંતુઓને નિયંત્રિત કરવામાટે ''લીમડા''ના મુખ્ય એજન્ટ તરીકેની ઓળખ ધરાવે છે તે કેટલાક જંતુઓને છોડને સ્પર્શતા પણ અટકાવે છે. ''લીમડા''ની કેકનો જમીનમાં ઉપયોગ વાવણી પહેલા કરવાથી નેમેટોડ્સ અને સફેદ મુંડના ઉપદ્રવને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય છે.

પ્રાકૃતિક કૃષિ આજના સમયની મુખ્ય માંગ પૈકીની એક માંગ છે. પરંપરાગત કૃષિ પદ્ધતિ છોડીને હવે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવી અનિવાર્ય છે, ત્યારે આવનારા સયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં ''લીમડા''નો ઉપયોગ વધવાની સંભાવના વધારે છે.

## અમરેલીના સિટી સર્વે ભવનમાં ચાલતી લાલિયાવાડી : અરજદારોને ધરમધક્કા

રાજકોટ, તા. ૫

અમરેલીની સીટી સર્વે કચેરીમાં લાલિયાવાડી ચાલતી હોવાની વ્યાપક ફરિયાદો અરજદારોમાં ઉઠી છે. અધિકારીઓ-કર્મચારીઓને નિવેદ ધરવામાં આવે તો જ તમામ પ્રકારના કામ કરવામાં આવે છે. અન્યથા ચપ્પલ ઘસાઈ જાય ત્યાં સુધી કામગીરી કરવામાં આવતી નથી એવપન ગંભીર આક્ષેપો અરજદારો દ્વારા કરવામાં આવી રહ્યા છે. અમરેલી જિલ્લા કક્ષાનું શહેર હોવાથી તમામ તાલુકામાથી અરજદારો પૈસા અને સમય બગાડી કામ માટે કચેરીમાં આવતા હોય છે પરંતુ સર્વર ડાઉન છે, આ કાગળ હજુ ઘટે છે, સાહેબ કાલે રજા પર હતા, હજુ સાહેબ આવ્યા નથી જેવા નતનવા બહાના આગળ ધરી કાવડિયા માટે અરજદારોને ધક્કા ખવડાવામાં આવતા હોવાથી લોકરોષ જોવા મળી રહ્યો છે. ચોક્કસ કિસ્સામાં છે કે, રિટાયર્ડ કર્મચારી અને વચેટિયા કચેરીમા અંડર ટેબલ વહીવટ કરતા હોવાથી આવા લોકોના (હેશ) કામ તાત્કાલિક અસરથી કરવામાં આવે છે. અને એકની સાથે બે નોંધ પડી જાય છે, જમીનની માપણી પણ થઈ જાય છે.

જયારે સામાન્ય અરજદારોને અનેક પ્રોસેસમાંથી પસાર થવું પડે છે એમ છતાં યોગ્ય સમયે કામગીરી થતી નથી. અનેક અધિકારી માત્ર ચાર્જમા હોવાથી કચેરીમા કોઈ પ્રકારની કામગીરીની સમીક્ષા પણ કરતા નથી. અમરેલી સીટી સર્વેમાં હાલમાં માત્ર એક જ મેન્ટેનેસ સરવેયર હોય જેની પાસે અમરેલી આખું અને બિનખેતીના તમામ ટેબલ હોય જેના કારણે લોકોને ધક્કા ખાવા પડે છે અને અમરેલી જિલ્લામાં મેન્ટેનેસ સર્વેયર માત્ર ત્રણ જ છે ત્યારે અરજદારના કામ ઝડપી અને સમયસર પુરા થાય એ માટે સરકાર અને લોક પ્રતિનિધિઓ આગળ આવેને પ્રશ્નનો ઉકેલ લાવે એવી લોકમાંગ ઉઠી છે.

### ગ્રીન એજયુકેશન ટ્રસ્ટ દ્વારા

## ખાંભા ખાતે મહિલાઓને આત્મનિર્ભર બનાવવા ઉમદા કાર્ય

### ૧૦,૧૦ મહિલાઓને તાલીમ અપાઈ રહી છે



અહેવાલ : ભાવિક કલસરીયા-ખાંભા

ખાંભા, તા.૫

ખાંભા ખાતે ગ્રીન એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સ્ત્રી સશકિતકરણ સાથે બહેન દીકરીઓને દરજી કામ શીખડાવી રોજી રોટી રળતી આત્મનિર્ભર બનાવવાનું અભિયાન ચાલી રહયું છે. ખાંભાની જાણીતી અને માનીતી ગ્રીન ટ્રેલરના માલિક રાજુભાઈ વાળા દ્વારા બહેન દીકરીઓને આત્મનિર્ભર બનાવવાના આહવાન અંતર્ગત ૨૦૦ જેટલી બહેન દીકરીઓને દરજી કામ તેમજ બ્યુટી પાર્લર શીખવાડી આત્મનિર્ભર બનાવવાનું અભિયાન છે. જેમાં સિલાઈ કામ તેમજ બ્યુટી પાર્લરના અનુભવનું સર્ટિફીકેટ આપી રોજી રોટી માટે સરકારી સહાય મળે તેવું ઉમદા કાર્ય થઈ રહયું છે. ગ્રીન એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના નેજા નીચે દરરોજ ૨૦ બહેન દીકરીઓને દરજી કામ, કટીંગ, સિલાઈ કામ સહિતની ટ્રેનિંગ આપતા ખાંભા તાલુકાની ૨૦૦ જેટલી બહેનો આત્મનિર્ભર બનતા દીકરીઓનું ભવિષ્ય ઉજળું બનતા પોતે સિલાઈ કામ કરી રોજી રોટી રળવા સક્ષમ બની છે.

## જાફરાબાદ ખાતે પાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

જાફરાબાદ, તા.૫

જાફરાબાદ નગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પર્યાવરણના સંદેશા સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું વિશ્વ પર્યાવરણ દિવસના ભાગરૂપે પર્યાવરણના સંરક્ષણ અને લોકોમાં જાગૃતિ ફેલાવવા અને પર્યાવરણ સંરક્ષણ અને સંતુલન માટે વૃક્ષની મહત્વની ભૂમિકાને ઓળખી નૈતિક જવાબદારીના ભાગરૂપે વિવિધ રોપાઓનું વાવેતર કરાયું હતું જેનો મુખ્ય ઉદ્દેશ પુથ્વીનુ ગ્રીન કવર વધારવા હવાની ગુણવત્તા સુધારવા માટે પર્યાવરણ સંરક્ષણ અને સંતુલન જાળવી માટે વૃક્ષોની જરૂરિયાત છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે અને સંદેશા સાથે નગરપાલિકા દ્વારા ત્રિકોણ બાગમાં વિવિધ વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યું હતું આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ રવિનાબેન બારૈયા ચીફ ઓફિસર ભાવનાબેન ગોસ્વામી ઉપપ્રમુખ નિરવભાઈ ઠાકર તેમજ નગરપાલિકા સદસ્યો તેમજ નગરપાલિકાનો સ્ટાફ તથા બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા આ વૃક્ષારોપણ કાર્યક્રમ પધારેલા દરેક લોકોએ પોત પોતાના ઘરે એક વૃક્ષ રોપણ કરવા માટે અને પર્યાવરણના સંરક્ષણ માટે એક પેરની ખાસ જરૂર છે. તેમજ આ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નગરપાલિકા ચીફ ઓફિસર દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે પર્યાવરણ થતા નુકસાન બાબતે પણ પાલિકા દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

### એડવોકેટ શૈલેષ વઢવાણાએ શહેરીજનો વતી કરી માંગ

## જાફરાબાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ગંભીર હોય સંગીન બનાવવા માંગ

### પોલીસ અધિક્ષકે આકસ્મિક મુલાકાત લેવી જરૂરી




જાફરાબાદમાં, તા. ૫

જાફરાબાદ શહેરમાં સવારના સમયે શાકભાજી હરાજી ગિરિરાજ ચોકમાં થાય છે ત્યારે આજુબાજુના ગામડામાંથી ને વાહનો આવે છે તે આડેધડ મૂકવામાં આવે છે જયારે નાના ઊંચાણીયા કે મોટા ઊંચાણીયા વિસ્તારમાં કોઈ અણબનાવ કે આકસ્મિક સમય દરમિયાન એમ્બ્યુલન્સ કે ફોર વ્હીલ જેવા વાહનો નીકળવા મુશ્કેલ બને છે અનેક વખત વિડિયો તેમજ ફોટો વોટ્સએપ મિડિયા દ્વારા રજૂઆતો કરવા છતાં ધ્યાન ધરતા ન હોય અને કોઈ ગંભીર અકસ્માત બંને અને માનવ જીંદગી જોખમાઈ ત્યાર બાદ પગલા લેશે કે કેમ.? અહીં સરકારી હોસ્પિટલ જવા માટે જે રોડ છે. તે ઢાળ વાળો હોય કોઈ વાહન તે ઢાળ ઉપરથી આવે અને ન કરે નારાયણને વાહન ચાલક પોતાનું સંતુલન ગુમાવી દે કોઈ મોટી દુર ઘટના સર્જાઈ તો જવાબદારી કોની..? તેમજ જાફરાબાદ શહેરમાં આર.ટી.ઓ. નિયમ વિરૂધ્ધના અનેક વાહનો તેમજ કાગળો શિવાય વાહનો ફરે છે તેમાં પણ કોઈ પગલા લેવામાં આવતા નથી. અને અનેક વખત દારૂ અંગેના મેસેજો મીડિયામાં જોવા મળે છે પણ કોઈ બુટલેગર તેમજ કોઈ દારૂના ધંધાર્થી મોટા જથ્થા સાથે પકડતા નથી અને નાના દારૂના જથ્થા વાળા મળી આવે છે. હાલમાં ડ્રાઈવ યોજાઇ હતી તેમાં દારૂ પીધેલા વ્યકિતઓ ઉપર પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવે છે. પરંતુ જયાં દારૂ વેચવામાં આવેછે. ત્યાં ખાતું કેમ નથી પહોંચતું નથી એવા અનેક પ્રશ્નો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે. હાલમાં જ સાગરખેડૂઓનું વેકેશન હોય વિસ્તારમાં દેશી વિદેશી દારૂનો ધોધ વહી રહ્યો છે. નાની ઉંમરના યુવા વર્ગમાં દારૂના વ્યસનમાં ડુબી રહ્યા છે. ત્યારે આ વિસ્તારમાં દેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. દેશી દારૂના દૂષણની નાના બાળકોનાં મગજ પર ખરાબ અસર થશે તો જવાબદારી કોની.? દારૂના દૂષણ થી ઘર તેમજ યુવા ધન બરબાદ થઈ રહ્યું છે. તેમજ રાજુલા રોડ ઉપર આવેલ ઓફિસ બનાવી રાત્રીના સમયે અનેક યુવાનો એકઠા થઇ દારૂની પાર્ટી ચલાવી રહ્યા હોય કોની રહેમનજર હેઠળ? તેમજ દેશી દારૂના વ્યસન ધરાવતા વ્યકિતઓ કેન્સર સુધીની બીમારીઓથી પીડાય રહ્યા હોય અનેક માનવજીંદગી આ દારૂના વ્યસનમાં હોમાઈ રહી છે. પરંતુ દારૂ વેચનારા ઉપર કોની રહેમનજર.? પરંતુ જવાબદાર અધિકારીઓ દારૂ પીનારા લોકો ઉપર કેસ કરી ડ્રાઈવ ચલાવી ઉપલી અધિકારીને ઉંધા ચશ્મા પહેરાવી રહ્યા છે. એવી પણ ચર્ચાઓએ જોર પકડ્યું છે કે પોલીસને હપ્તામાં રસ છે ફરજમાં રસ નથી. તેવી ચર્ચાઓ થઈ રહી છે. આ બધી ગંભીર ચર્ચા ચારેકોર વાયુવેગે પ્રસરી રહી હોય તે બાબતે જાગૃત નાગરિકએ અખબારના માધ્યમથી એસપીને તેમજ આઈજીને નમ્ર વિનંતી કરી છે જુના પેધી ગયેલા બને પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીની બદલી કરવી જરૂરી હોય માટે યોગ્ય કાર્યવાહી કરવા સમસ્ત ગામ વતી કરનાર શૈલેષ વી વઢવાણા (એડવોકેટ ) પોતાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

### અમરેલી લોહાણા મહાજનનાં નવનિયુકત હોદેદારોના સન્માન સાથે

## લીલીયા મોટા ખાતે આગામી રવિવારે લોહાણા મહાજન દ્વારા સરસ્વતી સન્માન સમારોહ

### રઘુવીર સેના દ્વારા કાર્યક્રમનું આયોજન કરાયુ

લીલીયા મોટા, તા. ૫

લીલીયા મોટા ખાતે આગામી ૮મી જુનને રવિવારે સાંજે ૬ કલાકે શ્રી જલારામ મંદિર ખાતે રઘુવીર સેના દ્વારા અમરેલી લોહાણા મહાજનનાં નવનિયુકત હોદેદારોનાં સન્માન સાથે સમાજનાં તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરવાનો કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં ડો. કાનાબાર, જીતુભાઈ ગોળવાળા ભાવેશભાસ સોઢા, ભાવેશભાઈ વસાણી, વિશાલભાઈ સોઢા, પ્રફુલભાઈ બાટવિયા, સતીષભાઈ આડતિયા, મનોજ કુમાર, સંજય વણઝારા અને ધવલભાઈ ભીમજીયાણી ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમને સફળ બનાવવા લોહાણા મહાજન પ્રમુખ હિતેષભાઈ કારીયા, રઘુવીર સેનાનાં પ્રમુખ કિરીટભાઈ રવાણીનાં માર્ગદર્શન તળે તડામાર તૈયારીઓ થઈ રહી છે.

# અમરેલી : અમર ડેરી ખાતે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી





પર્યાવરણ જાળવણીથી જ ભરપુર વરસાદ, વનરાજીની લીલીછમ ચાદર, હવા, પ્રલયકારી પુરનું નિયંત્રણ, ભુગર્ભ જળ-તળની યોગ્ય સપાટીની જાળવણી, પશુધનને યોગ્ય માત્રામાં ઘાસચારો, વનિલ ઉદ્યોગોને પુરતો લાકડાનો જથ્થો, રોજગારીની ઉપલબ્ધિ, પ્રાકૃતિક તત્વોની જાળવણી કરી શકાય. આપણા પર્યાવરણ થતાં હવા, જળ અને અવાજનું પ્રદુષણ રોકવું અને આવા પ્રદુષણો ધ્વારા પર્યાવરણને નુકશાન થતું અટકાવવું જોઈએ. આ તકે અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, ડો. એમ.ડી.આર પટેલ દુધ મંડળીના પ્રમુખ મંત્રીઓ અને કર્મચારીગણ હાજર રહેલા હતા.

# બાબરામાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પાલિકા દ્વારા દ્વારા પર્યાવરણ લક્ષી કામગીરી કરાય


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નગરપાલિકાદ્વારાઅદભુતપર્યાવરણ લક્ષી કામગીરી કરવામાં આવી શહેરના ઈતિહાસમાં પ્રથમવાર પાલિકાપ્રમુખપ્રવીણભાઈ કરકરના સીધામાર્ગદર્શનહેઠળ૨૦૦૦જેટલા વૃક્ષોનું વૃક્ષરોપણ કરવાનું આયોજન કરાયું અને સદભાવના ટ્રસ્ટને વૃક્ષ ઉછેર કરવાની સીધી જવાબદારી સોંપવામાં આવતા આગામી વર્ષોમાં તમામવૃષમસમોટાવટવૃક્ષબનીજશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. નગરપાલિકા દ્વારા આજે વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી કરવામાંઆવીહતીજેમાંઅહીંપંચકુંડ ખાતે ધારાસભ્યના અધ્યક્ષ સ્થાને વૃક્ષરોપણ નો કાર્યક્રમ રાખવામાં આવ્યોહતોજેમાંધારાસભ્યદ્વારાપવિત્ર પંચકુંડની જગ્યામાં વિવિધ પ્રકારના વૃક્ષનુંવૃક્ષરોપણકરીપર્યાવરણનુંજતન કરવાઅનુરોધકર્યોહતોઅનેપાલિકાની પર્યાવરણલક્ષી કામગીરીને બિરદાવી હતી નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા જણાવ્યું હતું વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નક્કર કામગીરી કરવાનું પાલિકા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધારાસભ્યના માર્ગદર્શનહેઠળબેહજાર વૃક્ષ વાવેતર કરી તેને ઉછેર કરવામાં આવે તો ખરા અર્થમાં પર્યાવરણની કામગીરી કરી ગણાય અને દિવસની ઉજવણીનો સંતોષ થાય ત્યારે બાબરા નગરપાલિકા દ્વારા લીમડો, પીપળો, વડલો, આંબલી, સપ્તપરણી સહિતના આશરે બેહજાર વૃક્ષો મંગાવવા આવ્યા જેમાં શહેરની ચાર દિશા પંચકુંડનું મેદાન, નિલવળા રોડ મેલડીમાં મંદિર સુધી, કરીયાણા રોડ સોનપરી મહાદેવ મંદિર સુધી તેમજ ખાખરીયા રોડ આઈ ટીઆઈ સુધી અને વાંડળીયા રોડ આમ દરેક રોડની બને બાજુ બે કિલોમીટર સુધીવૃક્ષોનુંવૃક્ષરોપણકરવામાંઆવશે અને તેની સઘળી કામગીરી સદભાવના ટ્રસ્ટ નેસોપવામાં આવી છે જેના ભાગ રૂપેઆજેપંચકુંડમાંવૃક્ષરોપણકરવામાં આવ્યુંછેઆગામીદિવસોમાંનક્કીકરેલ સ્થળ પર તમામ વૃક્ષોનું વૃક્ષરોપણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, શહેર ભાજપના પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, લલિતભાઈ આંબલિયા, ભુપતભાઈ બસિયા, નરેશભાઈ મારૂ, ધર્મેશભાઈ વાવડીયા, મુકેશભાઈ ખોખરીયા, શહેર ભાજપ મહામંત્રી જગદીશ વાવડીયા, રમેશભાઈ સાંગડિયા, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, કપિલભાઈ ચોવટિયા, કરીમભાઈ કોટડીયા, રસિકભાઈ ગોજારીયા, અજિતભાઈ ખોખરીયા, પ્રતાપભાઈ ખાચર, મહેશભાઈ પરવાડિયા, મગનભાઈ કોઠીયા, મુકેશભાઈ પીપલવા, નરેશભાઈ દશલાણીયા, પ્રવીણભાઈ મારૂ સહીત નગરપાલિકાસભ્યોસ્થાનિકભાજપ અગ્રણીઓ અને સામાજીક સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું
## અકસ્માતમાં યુવકનું મૃત્યુ

સામેઅકસ્માતનોગુન્હોનોંધીવધુતપાસ હાથધરીછે. મૃતકયુવકનુંમોતથયાબાદ રાજુલાહોસ્પિટલમાંખસેડવામાંઆવતા પીએમમાટેનીકાર્યવાહીહાથધરીહતી. અકસ્માતનીજાણથતાંઆહીરસમાજના યુવાનો, આગેવાનોમોટીસંખ્યામાંઉમટી પડયાહતાઅનેશોકમયમાહોલસર્જાયો હતો. મૃતક પરિવારના પોલીસ દ્વારા અકસ્માત અંગે નિવેદન લેવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

પાના ૮ ઉપરનું ચાલું
## ૩૩ ઉમેદવારીપત્રો રજુ થયા

૧૨ઉમેદવારીપત્રરજુથયેલહતા.

બાબરા તાલુકામાંથી સરપંચપદ માટે ૨ ઉમેદવારીપત્ર રજુ થયેલ હતું. જયારે સભ્યપદ માટે પણ ૨ ઉમેદવારીપત્ર રજુ થયેલ હતા.

આમ અમરેલી જિલ્લામાં ઉમેદવારીપત્ર ભરવાના ચોથા દિવસે સરપંચપદ માટે ૨૧ ઉમેદવારીપત્ર તથા સભ્યપદ માટે ૧૨૫ ઉમેદવારીપત્ર ઉમેદવાર દ્વારા રજુ કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તા. ૯ હોયગ્રામ્યવિસ્તારનારાજકારણમાંભારે ચહલપહલ જોવા મળી રહી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૬ | ૧૫૧૫ |
| ૨ | ચણા | ૧૦૩૦ | ૧૦૩૬ |
| ૩ | બાજરો | ૩૩૫ | ૩૩૫ |
| ૪ | જુવાર સફેદ | ૬૦૦ | ૭૨૬ |
| ૫ | મગફળી | ૮૮૧ | ૧૦૧૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૭૫ | ૧૦૦૫ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૧ | ૫૧૧ |
| ૩ | ચણા | ૧૦૫૬ | ૧૦૭૧ |
| ૪ | ધાણા | ૧૧૯૫ | ૧૨૨૫ |
| ૫ | શીંગ દાણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૬ | શીંગ ફાડા | ૧૨૫૬ | ૧૨૫૬ |
| ૭ | મગ | ૧૧૮૬ | ૧૩૬૦ |
| ૮ | રાઈ | ૧૧૪૦ | ૧૧૪૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૦૬૯ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૬૦ | ૧૧૪૦ |
| ૩ | શિંગ મોટી | ૮૫૦ | ૧૦૮૪ |
| ૪ | શિંગદાણા | ૧૨૬૬ | ૧૪૨૪ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૧૦૫૦ | ૧૪૦૬ |
| ૬ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૪૩૦ |
| ૭ | તલ કાળા | ૧૮૩૦ | ૩૨૧૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૩૫૦ | ૨૦૫૧ |
| ૯ | બાજરો | ૨૭૫ | ૪૫૭ |
| ૧૦ | જુવાર | ૨૧૦ | ૮૦૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૫ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૯૯ | ૫૩૨ |
| ૧૩ | મગ | ૭૭૭ | ૧૪૫૦ |
| ૧૪ | અડદ | ૫૭૦ | ૧૪૦૦ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૦૯૧ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૭૨ | ૧૧૩૨ |
| ૧૭ | ચણા સફેદ | ૬૦૦ | ૧૦૬૫ |
| ૧૮ | છોલે ચણા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ૧૯ | તુવેર | ૫૫૦ | ૧૨૫૯ |
| ૨૦ | વાલ | ૪૦૦ | ૧૧૬૦ |
| ૨૧ | કપાસ | ૭૨૦ | ૧૫૮૨ |
| ૨૨ | એરંડા | ૯૭૫ | ૧૨૨૬ |
| ૨૩ | જીરૂ | ૩૦૦૦ | ૩૫૮૦ |
| ૨૪ | રાયડો | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ૨૫ | ધાણા | ૧૧૭૪ | ૧૨૬૦ |
| ૨૬ | ધાણી | ૧૦૦૦ | ૧૩૩૪ |
| ૨૭ | અજમા | ૧૦૨૦ | ૧૫૦૦ |
| ૨૭ | મેથી | ૬૭૫ | ૮૭૦ |
| ૨૮ | સોયાબીન | ૬૨૫ | ૭૮૯ |
| ૨૯ | કાંગ | ૫૫૧ | ૫૫૧ |

પાના ૮ ઉપરનું ચાલું
## ખાંભાના ડેડાણ ગામેથી

સંગ્રહ કરીજુનાગઢજિલ્લાનાવિસાવદર ખાતેમોકલવામાંઆવતોહોવાનુંખાંભા ઈન્ચાર્જ મામલતદાર રાજુભાઈ પરમારની યાદી જણાવેલ છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રેશનીંગના ગેરકાયદેસર ઘઉં ચોખાના જથ્થા બારોબાર વેચાતું હોય એવું લોક મૂકે સર્ચાઇ રહ્યું છે ત્યારે આ રેડથી રેસનીંગ કૌભાંડીઓમાં ફફડાટ ફેલાયો હતો.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી પીજીવીસીએલ દ્વારા

રવિવારે પણવીજ કાપ ઝીકવામાંઆવેલ છે. જેના કારણે બળબળતાઉનાળામાં લોકોએ ગરમીમાં શેકાવું પડશે.

એટલું જ નહીં પણ શહેરના સૌથી મોટા હીરા ઉદ્યોગ અને ઉદ્યોગનગરમાં આવેલા જુદા જુદા ઉદ્યોગોને અઠવાડિયામાં બે દિવસ વીજ પ્રવાહ બંધ રહેવાના કારણે ગંભીર અસર પહોંચે તેમ છે. આથી હીરાના કારખાનેદારો, ઉદ્યોગકારોમાં ભારે રોષ છે. રત્ન કલાકારોએ પણ બે દિવસ ફરજિયાત રજા રાખવી પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. જેના કારણે તેમના મળતા આર્થિક વળતરમાં પણ કાપ આવી શકે છે.

અમરેલીમાં આવેલ કેરિયા રોડ ૬૬ કેવીસીટી ૧ કીડર નીચે આવતા વિદ્યુતનગર, નવરંગ સોસાયટી, તુલસીપાર્ક સોસાયટી, ભોજલપરા, હરિધામ સોસાયટી ૧–૨, શ્રીનાથજી પાર્ક સોસાયટી, ખેડૂત તાલીમ કેન્દ્ર, રોકડનગર, ગંગાપાર્ક સોસાયટી, બંસીધર સોસાયટી, રામાનુજ હોસ્પિટલ, ડો. સ્નેહલ પંડવા હોસ્પિટલ, કલરવ હોસ્પિટલ, સેવાભારતી હોસ્પિટલ, નાગરીક બેંક, નવજીવન હોસ્પિટલ, પુનિત ગેસ્ટ હાઉસ, ગજેરા હોસ્પિટલ, હોટલ દર્શન, એઈમ્સ હોસ્પિટલ, સીટી પેલેસ, આઈસીઆઈસીઆઈ બેંક વાળ નવુંકોમ્પ્લેક્ષ, પટેલ ટાયર્સ, ક્રિષ્ના પેટ્રોલ પંપ, ઓપેરા હાઉસ, આઈડીબીઆઈ બેંક, સહજાનંદ કોમ્પલેક્ષ, ગોલ્ડન પ્લાઝા, ગણેશ કોમ્પ્લેક્ષ, ડો. રાઠોડનું દવાખાનુ, એચડીએફસી બેન્ક, અમૃત કોમ્પ્લેક્ષ, સિલ્વરકોમ્પ્લેક્ષ, એન્જલ હોટલ, જયુબેલી ધર્મશાળા, સુદર્શન હોસ્પિટલ, ડો. નીતિન ત્રિવેદીની હોસ્પિટલ, મોના કોમ્પલેક્ષ, હીરકબાગ, બેંક ઓફ બરોડા, ભીડભંજન મહાદેવ, નારાયણ પ્લાઝા, માધવ હોસ્પિટલ, લીલીયા રોડ, બોમ્બે માર્કેટ, સાવલિયાનું દવાખાનું, પટેલ વાડી હીરામોતી ચોક, અર્જુન કોમ્પલેક્ષ, સારથી–૪ કોમ્પ્લેક્ષ, લાતી બજાર, ચાંદી મહેલ, શિવલીલા કોમ્પ્લેક્ષ, સંકલ્પ હોસ્પિટલ, કલરવ હોસ્પિટલ, સ્વામિનારાયણ મંદિર/ માણેકપરા), દર્શન હાઈટસ, માધવ કોમ્પલેક્ષ, લાઈફલાઈન કોર્નર, ડો. ધડુક હોસ્પિટલ, ડો. રૈયાણીની હોસ્પિટલ, ડો. દેવ સીટી સ્કેન, ડો. પરમાર, બીમ્સ હોસ્પિટલ, સમ્યક હોસ્પિટલ, સુખનાથપરા શેરી નં–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, દિલીપભાઈ સંઘાણીનું ઘર, ડો. દેસાણીનું દવાખાનું, નારી હોસ્પિટલ, પાંચ માળીયું (માણેકપરા), તિરૂપતિ હાઈટસ, વીરજીભાઈ ઠુંમરનું મકાન, માણેકપરા, ખોડીયાર ચોક, રામ પેલેસ, પુનિત ગેસ્ટ હાઉસથી જુના માર્કેટ યાર્ડ રોડ, મધ્યપ્રયસ્થ સહકારી બેંક, આયુર્વેદિક દવાખાનુ, હઠીલા હનુમાન મંદિર, સવજી પરા, રાજકમલ મેડિકલ થી ટાવર રોડ, જલારામ ફરસાણ, કન્યાશાળા મીર સાહેબની ગલી, કંસારા શેરી–કંસારા બજાર સહિતના વિસ્તાર માં વીજકાપ રહેશે.

આ અંગે અમરેલીના પી.જી.વી.સી.એલ.ના નાયબ ઈજનેર મહેશ કડછાએ જણાવ્યું કે, આમાં આખા ફીડરની તમામ વીજ લાઈન બદલવાની છે અને એકથી દોઢ મહિના સુધી કામગીરી ચાલે તેમ છે પછી રાબેતા મુજબ થઈ જશે. તેમાં આખા શહેરમાં તમામ વિસ્તારના એકસાથે વીજ પુરવઠો બંધ કરવાનો નથી પરંતુ જે વિસ્તારમાં કામગીરી ચાલતી હશે તે વિસ્તારમાં જ બંધ રાખવામાં આવશે. ઉપરાંત અમરેલી હીરા બજારમાં ગુરૂવારે રજા હોય છે. એટલે તે વિસ્તારમાં માત્ર ગુરૂવારે જ કામગીરી કરવામાં આવશે અને રવિવારે તેમને રજા ન રાખવી પડે તેનું ધ્યાન રાખવામાં આવશે અને તેમને વિસમાં લઈને કામગીરી કરવામાં આવશે. આ કામગીરી અમુક વિસ્તારમાં અમુક કલાક પૂરતી હોવાથી અને તે કામદારોના આવવા ઉપર હોવાથી ચોક્કસ સમય જાહેર કરવામાં આવ્યો નથી. પણ જુદા જુદા વિસ્તારમાં રવિવારે તથા ગુરૂવારે સવારથી બપોર સુધીના સમયમાં આ કામગીરી કરવામાં આવશે એટલે કોઈ પણ પ્રકારની આગોતરી જાણ કર્યા વગર ફીડરો બંધ કરવામાં આવશે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૬૧ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૩૦ | ૧૩૭૦ |
| ૪ | શીંગ દાણા | ૧૧૦૦ | ૧૩૫૬ |
| ૫ | તલ સફેદ | ૧૪૫૦ | ૨૦૦૨ |
| ૬ | તલ કાળા | ૨૩૦૦ | ૩૦૮૧ |
| ૭ | જીરૂ | ૩૩૦૦ | ૩૭૦૦ |
| ૮ | કપાસ | ૧૩૫૦ | ૧૫૨૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૦ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૫૩૦ |
| ૧૨ | જુવાર | ૫૮૦ | ૮૨૦ |
| ૧૩ | મગ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | અડદ | ૧૨૮૦ | ૧૩૬૦ |
| ૧૫ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૫ |
| ૧૬ | તુવેર | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૧૭ | એરંડી | ૧૦૦૦ | ૧૨૨૫ |
| ૧૮ | મેથી | ૭૬૦ | ૮૩૦ |
| ૧૯ | રાય/રાયડો | ૧૦૩૦ | ૧૨૦૦ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૩૧૦ |

## બગસરા પોલીસ સ્ટેશનમાં બકરી ઈદ નિમિત્તે શાંતિ સમિતિની બેઠક મળી


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૫

બગસરા પોલીસ સ્ટેશનમાં બકરીઈદનિમિત્તેશાંતિસમિતિનીબેઠક મળી જેમાં બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ સા લુકે દ્વારા હિન્દુ મુસ્લિમ સમાજનાઆગેવાનોનેતહેવારો વિશે ચર્ચા વિચારણા કરી હતી બગસરામાં વર્ષોથી હિન્દુ મુસ્લિમના તહેવારોમાં એકબીજા સાથે મળીને ભાઈચારાથી મનાવવામાં આવે છે ત્યારે ઈદ હોય કે રામનવમી શિવરાત્રી હોય કે પછી નવરાત્રી કે પછી મોહરમહર્ષઉલ્લાસઅનેભાઈચારાસાથે બંનેસમાજનાલોકોબગસરામાંઆનંદથી તહેવારો મનાવે છે.

## કોવાયાથી લોઠપુર માર્ગ બીસ્માર હાલતમાં

રાજુલા, તા. ૫



કોવાયાથી લોઠપૂર રસ્તાની ખૂબ જ ખરાબ હાલત હોવાથી ગત સાત દિવસમાં ત્રણ જેટલા અકસ્માતો થવા છે જેમાં ગતરાત્રીના તા. ૪/૬/૨૦૨૫ સમય ૯:૩૦ કલાકે ખુબ જ ગંભીર અને ખરાબ અકસ્માત થયો છે જેમાં એક યુવકનું મૃત્યુ થયું છે તો હાલ ઘણાં વર્ષોથી આ રસ્તાની કામગીરી કરવામાં આવેલ નથી તેમજ ત્રીસ કિલોમીટર દૂરથી કામદારો આજુબાજુની ખાનગી કંપનીઓમાં હાલ નોકરી કરવા માટે મુસાફરી કરી નોકરી કરવા આવતા હોય છે તો હાલમાં ઘણા સમયથી કોવાયાથી લોઠપૂર હાલત ખુબ ખરાબ છે તેમજ હોસ્પિટલ ઈમરજન્સી હોય ત્યારે આ સાત કિલોમીટર કાપવામાં ઓછામાં ઓછો પોણો કલાક જેટલો સમય લાગી રહ્યો છે તો તંત્રના પેટમાં પાણી હલતું નથી તેમજ વારંવાર રજૂઆતો કરવામાં છતાં પણ તંત્ર તથા જન પ્રતિનિધિને નજર ચડતું નથી અને હાલ ચોમાસુ નજીક આવી રહ્યું છે તો આ રસ્તાની કામગીરી બને તેટલી જલ્દી પૂર્ણ કરવામાં આવે અને ભવિષ્યમાં આ રસ્તાની કામગીરી ચાલુ કરવામાં ન આવે તો રસ્તા રોકો આંદોલન કરવાની ચીમકી નનાભાઈ બીલાખણોત્રાએ આપી છે.

### વિશ્વ પર્યારવણ દિન નિમિત્તે
## અમરેલી ખાતે ધન્વનંતરી આરોગ્ય રથના કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણ

**વૃક્ષારોપણની પ્રવૃત્તિ એ પ્રકૃતિ પ્રત્યેની પ્રીતિ અને જનસેવાનો સમન્વય**

અમરેલી, તા. ૫

વિશ્વ પર્યાવરણ દિન નિમિતે અમરેલી ધન્વનંતરી આરોગ્ય રથ (ફરતું દવાખાનું)ના કર્મચારીઓ ધ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમાજમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે અને નાગરિકોમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારી કેળવાઈ તે માટેના પ્રયાસના ભાગરૂપે ધન્વનંતરી આરોગ્યરથ (ફરતુંદવાખાનું)ના ડો.ભાવેશ હિંગું, ડો.વિજય વાળા, પેરામેડિક દીપક હિંગુ, લેબર કાઉન્સેલર અલ્પાબેન પરમાર, પુજાબેન ડામોર, લેબ ટેકિનશિયન તેજસ્વીબેન પટેલ, ડ્રાઈવર વિજયભાઈ ડેર ધ્વારા વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણના સંરક્ષણ માટે પ્રતિબધ્ધતા વ્યકત કરવામાં આવી હતી. ડો.ભાવેશ હિંગુએ જણાવ્યું કે વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણ સંરક્ષણની સાથે પ્રકૃતિ પ્રત્યેની પ્રીતિ અને જનસેવાનો સમન્વય થતો હોવાથી અનુભુતિ થાય છે. ધન્વનંતરી આરોગ્ય રથ (ફરતું દવાખાનું) ધ્વારા કડિયાનાકા સહિત વિવિધ બાંધકામ સાઈડ પર પહોંચી શ્રમિકોને આરોગ્યલક્ષી પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. આ રીતે અમારી ટીમ ધ્વારા દર વર્ષે વૃક્ષારોપણ માટે કામગીરી કરવામાં આવે છે. વધુમાં વધુ વૃક્ષો વાવી પ્રકૃતિ અને વિશ્વ પ્રત્યેનું માનવજાતનું કર્તવ્ય કરવા તેમણે એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લામાં ઉત્સાહભેર

સ્ટાફે વૃક્ષા રોપણ કર્યુ હતું. કોર્ટ પરિસરમાં વૃક્ષારોપણ સાથે પર્યાવરણના જતનનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ પ્રસંગે વનવિભાગના અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિ પર્યાવરણ દિવસ–૨૦૨૫ની ઉજવણીની થીમ ' Ending plastic pollution Globally' અંતર્ગત ગત તા. ૨૨ મે, ૨૦૨૫થી ૦૫ જૂન, ૨૦૨૫ સુધી જિલ્લામાં વિવિધ સ્થળો પર થીમને અનુરૂપ જાગૃત્તિ કાર્યક્રમ, પ્લાસ્ટિક વેસ્ટ કલેકશન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. જિલ્લામાં પર્યાવરણના જતન માટે સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અંગે વિવિધ વર્ગમાં જાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **હંસાબેન નાથાભાઈ ગડેશીયા** રહે. સાવરકુંડલાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

સાવર સામાપાદર, તા. સાવરકુંડલા
રે. સર્વે.નં. ૧૩૫ પૈકી બીનખેતી પ્લોટ નં. ૫૫ પૈકી
જેના ચો.મી. ૧૦૨–૨૦
રજી. બાનાખત અનુક્રમ નં. ૧૩૪૬ તારીખ : ૧૯/૦૫/૨૦૨૫

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ નારણભાઈ મોહનભાઈ ધાખડા રહે. મોટા જીંજુડા વાળા પાસેથી ખરીદ કરવા ઉપરોકત રજી. બાનાખત કરાવેલ છે. નારણભાઈ મોહનભાઈ ધાખડાએ ઉપરોકત મિલ્કત મનુભાઈ દેવજીભાઈ વિરાણી પાસેથી રજી. દસ્તાવેજ નં. ૮૫૦ તા. ૦૮/૦૫/૨૦૧૮નાં રોજ ખરીદ કરેલ છે. મનુભાઈ દેવજીભાઈ વિરાણીએ ઉપરોકત મિલ્કત (૧) અશ્વિનભાઈ જેરામભાઈ વઘાસીયા (૨) દિનેશભાઈ જેરામભાઈ વઘાસીયા રહે. બંને ઉનાનાં કુલમુખત્યાર સુરેશભાઈ પ્રાગજીભાઈ આકોલીયા રહે. સાવરકુંડલા વાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૧૩૦૦ તા. ૩૦/૦૯/૨૦૦૯ જેના નવા રજી. દસ્તાવેજ નં. ૪૫૦ તા. ૦૭/૦૩/૨૦૧૫ આપવામાં આવેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું તા. ૦૮/૦૪/૨૦૦૯નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું સદરહુ રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૫/૦૬/૨૦૨૫
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૫ | ૧૫૮૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૪૨૫ |
| ૩ | મગફળી | ૯૫૦ | ૧૦૮૦ |
| ૪ | જીરૂ | ૨૮૩૦ | ૩૮૭૦ |
| ૫ | ઘઉં | ૪૬૧ | ૫૧૯ |
| ૬ | તલ સફેદ | ૧૫૩૦ | ૧૮૯૦ |
| ૭ | તલ કાળા | ૨૫૪૦ | ૨૮૧૦ |
| ૮ | ચણા | ૧૦૫૨ | ૧૦૭૮ |
| ૯ | મગ | ૧૨૫૦ | ૧૪૮૦ |
| ૧૦ | બાજરો | ૩૮૫ | ૪૧૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૧૨ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૦ | ૫૧૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૦૭ |
| ૪ | ધાણા | ૧૧૩૦ | ૧૨૦૦ |
| ૫ | ચણા | ૮૦૦ | ૧૦૬૦ |
| ૬ | અજમા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૭ | શીંગફાડા | ૧૦૨૦ | ૧૪૧૦ |
| ૮ | મગફળી | ૮૩૫ | ૯૦૦ |
| ૯ | તલ સફેદ | ૧૨૦૦ | ૧૪૨૧ |
| ૧૦ | સોયાબીન | ૬૫૦ | ૭૯૪ |
| ૧૧ | તુવેર | ૯૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | મગ | ૧૨૫૫ | ૧૩૯૫ |
| ૧૩ | બાજરો | ૪૩૦ | ૪૪૫ |
| ૧૪ | લસણ | ૯૩૦ | ૯૩૦ |
| ૧૫ | મકાઈ | ૫૩૦ | ૫૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૨૫ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૧૫૧ | ૧૭૭૫ |
| ૩ | તલ કાળા | ૨૩૨૫ | ૨૩૨૫ |
| ૪ | તલ પીળા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૫ | કપાસ | ૧૧૫૦ | ૧૫૦૧ |
| ૬ | બાજરો | ૨૮૫ | ૪૭૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૩ |
| ૮ | જુવાર | ૩૧૦ | ૮૯૧ |
| ૯ | મગ | ૧૧૦૦ | ૧૪૫૨ |
| ૧૦ | અડદ | ૧૨૫૧ | ૧૨૮૧ |
| ૧૧ | તુવેર | ૯૫૧ | ૧૧૮૧ |
| ૧૨ | ચણા | ૭૫૧ | ૧૦૫૯ |
| ૧૩ | જીરૂ | ૩૦૦૦ | ૩૪૦૦ |
| ૧૪ | ચોળી | ૭૭૬ | ૧૨૦૧ |
| ૧૫ | સોયાબીન | ૭૭૦ | ૭૭૦ |
| ૧૬ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |

## લોકસભામાં અપાયેલ માહિતી મુજબ ચોંકાવનારો આંકડો

# ગુજરાતનાં જંગલોની હજારો હેક્ટર જમીન ઉપર દબાણ

**ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં ૨૬૦ એટલે કે ૬૦ ટકાથી વધુ જગ્યાઓ ખાલી**

**કેન્દ્ર સરકારની નગર વન યોજનામાં ૧૦૦ દિવસ એકશન પ્લાન હેઠળનાં ૧૧૧ પ્રોજેક્ટ્સ માં ગુજરાતનો સમાવેશ નથી**

**દાદાનું બુલડોઝર જંગલની હજારો હેક્ટરમાં થયેલ દબાણને હટાવે તે જરૂરી**

**પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રવકતા પાર્થિવરાજસિંહ કડવાડિયાએ પત્રકાર પરિષદ સંબોધી**

અમરેલી, તા.૫

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તા સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ સવાલ ઉભો કર્યો છે કે પર્યાવરણ દિન મનાવતી ભાજપ સરકારને ખરેખર પર્યાવરણ ચિંતા છે.ખરી? લોકસભામાં પ્રસ્તુત જવાબો સરકારની પર્યાવરણ અંગે કેટલી ગંભીર છે. તેની હકીકત છતી કરે છે. ગુજરાત રાજયનાં જંગલોની ૧૩૦૦૮.૧૧૯ હેકટર (૧૩૦૦૮૧૧૯૦ ચોરસ મીટર) જમીન ઉપર દબાણ છે. દાદાનાં બુલડોઝર વાહવાહી લૂંટવામાં વ્યસ્ત છે. ત્યારે વિશ્વ પર્યાવરણ દિન નિમિતે દબાણ હેઠળના જંગલો દાદાને ધ્યાનમાં નથી આવતા ? કોના દબાણો કેમ હટાવવામાં નથી આવતા ? ગુજરાત રાજયનું સરકારએ જંગલ માટે પ્રેમ હતો તો જંગલોની ૩૭૨૫.૯૫ હેકટર (૩૭૨૫૯૫૦૦) ચોરસ મીટર)ને ખાનગી કોમર્શિયલ પ્રોજેકટસને કેમ આપી દીધી છે.? જંગલના હકદાર આદિવાસીઓ જંગલની જમીનથી વંચિત રહે અને જંગલો ઉપર દબાણ થઈ જાય, ખાનગી ઉદ્યોગોને આપી દેવામાં આવે તે ભાજપ સરકારનો કેવો પ્રકૃતિ પ્રેમ.

ગુજરાત રાજયમાં ૪૬૦૦થી વધારે ફેકટરીઓ પર્યાવરણ માપદંડનું સંપુર્ણ પાલન ના કરતી હોય ત્યારે સૌથી મોટી જવાબદારી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની હોય છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની સ્થિતિ દયનીય છે. માત્ર ૪૦ ટકા સ્ટાફથી ચાલે છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ જેમાં ૪૩૦ મંજુર જગ્યામાંથી ૨૬૦ જગ્યાઓ ખાલી છે, ૬૦%થી વધુ જગ્યાઓ ખાલી પડી છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પાસે પુરતો સ્ટાફ જ ના હોય તો પ્રદુષણ કેમ રોકાય ? જંગલ સુરક્ષિત ના હોય, પ્રદૂષણ રોકી શકે તેટલો સ્ટાફ ના હોય, તેવી પરિસ્થિતિમાં ભાજપ સરકાર પર્યાવરણ માટે કેટલી ગંભીર છે. તે સ્પષ્ટ દેખાય છે. કેન્દ્ર સરકારની નગર વન યોજનાના ૧૦૦ યોજના ૧૦૦ દિવસ એકશન પ્લાન હેઠળ ૭ રાજયોમાં ૧૩૪.૦૧ કરોડના ૧૧૧ પ્રોજેકટસ આપવામાં આવ્યા છે. તેમાં ગુજરાતનો સમાવેશ નથી. પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી ગુજરાતના હોય ત્યારે આવો હળહળતો અન્યાય કેમ ?

ગુજરાતની ભાજપ સરકારને પર્યાવરણ અને પ્રકૃતિની બિલકુલ ચિંતા નથી, માત્ર કાગળો ઉપર પ્લાન મૂકીને વાહવાહી લૂંટવી, વૃક્ષારોપણનાં કાર્યક્રમોમાં ફોટો શોપ કરવા સિવાય સાચી દિશામાં કામ કરવામાં મૃદુ મક્કમ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે. તેમ અંતમાં જણાવેલ છે.

---

### એક સમયે લોકપ્રિયતાનાં શિખરો સર કરનાર

## સફારી સામાયિક ૩૬૯ અંક સાથે બંધ થઈ રહ્યુ છે

**પ્રિન્ટ મીડિયા જગત માટે કરૂણતા સમી ઘટના**




સાવરકુંડલા, તા. ૫

જ્ઞાન–વિજ્ઞાનનું સામયિક સફારી ૩૬૯ અંક સાથે હવે બંધ થઈ રહ્યું છે. નગેન્દ્ર વિજયે ઘટતાં ગ્રાહકો નહીં, પણ ઘટતા વાંચકોને કારણે સફારીને બંધ કરવાનો આકરો નિર્ણય લીધો છે. તેને કારણે શોકમય વાતાવરણ ઊભું થયું છે. કોઈ સામયિક બંધ થતું હોય ત્યારે આટલી મોટી માત્રામાં વાંચકો શોકગ્રસ્ત બને તે વાત પણ અચરજ ભરેલી છે. સફારી સામયિક દ્વારા મહાન તંત્રી–લેખક અને પત્રકાર નગેન્દ્ર વિજયે ગુજરાત પ્રદેશ અને ગુજરાતી પ્રજામાં વૈજ્ઞાનિક અભિગમ ઊભો કરવાનું કામ કર્યું છે. તેમણે છુટ્ટા હાથે જ્ઞાન–વિજ્ઞાનની રસલ્હાણ કરી છે. ગુજરાત તેમનું ઋણી જ છે અને સદાય રહેશે. નગેન્દ્રભાઈ વિજયના જ શબ્દોમાં કહીએ તો પ્રવર્તમાન જનરેશનની વાંચન પ્રત્યેની વિમુખતા (ઉદાસીનતા) એ ખરેખર ખૂબ જ દુખદ અને કરૂણાજનક ઘટના ગણી શકાય. જો કે આજે પણ હજુ એવા ઘણા પરિવારો હશે જેણે સફારી મેગેઝિનના અંકોને જીવની જેમ સાચવીને રાખેલા હશે. ખૈર જેમ સાયકલનું પ્રમાણ ઘટતું ગયું તેમ પ્રિન્ટ મિડિયા ક્ષેત્રે વાંચકોનું દાયિત્વ (ઉદાસીનતા) ઘટતું ગયું. હા, જમાવટ ડીઝીટલ ન્યૂઝ ચેનલ પર દેવાંશી જોશીના એક અનકટ પોડકાસ્ટ ઈન્ટરવ્યુમાં પ્રસારિત થયેલ નગેન્દ્રદાદા સાથેની એ વાતોમાં નગેન્દ્ર વિજયે તેમના જીવનનાં અણમોલ અનુભવોનું વિવેચન પણ ખરેખર તમામ દર્શકો માટે ખરેખર રોચક અને ધ્યાનાકર્ષક રહ્યું. આજના સોશિયલ મીડિયાના યુગમાં ઓથોન્ટિક અને જ્ઞાનસભર વાતોની ઉણપ જણાતી હોય તેનો વસવસો પણ તેના આ સાક્ષાત્કાર દરમિયાન મહેસૂસ થયો એક સંનિષ્ઠ પત્રકાર જયારે કોઈ આર્ટિકલ લખે છે ત્યારે એ એના વાંચન અને જ્ઞાનનાં ફલશ્રુતિનો દ્યોતક હોય છે. આજના કોપી પેસ્ટ ફોરવર્ડ યુગમાં તટસ્થ, ગુણવત્તાયુકત માહિતી સભર લેખ વાંચન માટે મળવા એ પણ સુજ્ઞજનો માટે અહોભાવ સમાન જ ગણાય. આપણે ઈચ્છીએ કે નગેન્દ્ર દાદા તેના આ વિચાર પર પુનઃ વિચારણા કરી સફારીની સફરને અવિરત વેગ આપે એમના સફારી મેગેઝિન બંધ કરવાના વિચાર પર પુનઃ વિચાર કરે એવી પ્રભુ પાસે પ્રાર્થના. હા કદાચ એમ ન થઈ શકે તો ડીઝીટલ માધ્યમ દ્વારા પણ આ સફારી મેગેઝિન શરૂ રહે તેવા પ્રયાસો થાય એવી અભિલાષા. સમયની સાથે અને આ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પણ પ્રિન્ટને બદલે ડિઝીટલ સ્વરૂપે સફારી મેગેઝિન શરૂ રહે તો પણ પ્રિન્ટમાં વપરાતાં કાગળની બચત થશે અને કાગળ બચતાં કાગળનું ઉત્પાદન કરવા માટે જરૂરી વૃક્ષો ઓછા કપાશે. આમ પ્રિન્ટ માધ્યમને બદલે ડીઝીટલ માધ્યમ દ્વારા પર્યાવરણનું સંવર્ધન પણ થશે અને સફારી મેગેઝિનના નિયમિત વાંચકોને પોતાનું પ્રિય મેગેઝિન પણ પ્રાપ્ત થશે. જો કે આ સમગ્ર બાબત હવે સફારીના તંત્રી નગેન્દ્ર દાદા પર નિર્ભર છે. જો કે એંશી વર્ષની ઉંમર વટાવી ચૂકેલા પ.પૂ. નગેન્દ્રદાદા હવે આગામી સમયમાં કેવા કદમ ઉઠાવશે? એના પર સફારી મેગેઝિનના પ્રિય વાંચકવર્ગની નજર મંડાયેલી છે.

– પ્રસ્તુતિ બિપીનભાઈ પાંધી. સા.કું

---

### ૫ જુન પર્યાવરણ દિવસ નિમિતે

## અમરેલી ખાતે ચકલીઘર વિતરણ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**વીર શહીદ મનિષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટનું આયોજન**

અમરેલી, તા.૫

૫ જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિતે લોકોમાં પ્રકૃતિ તથા પશુપક્ષી સાથે પ્રેમ વધે અને ધરતીને ઓકિસજન આપતા વૃક્ષોનું સારી રિતે ઉછેર થાય એ અભીગમ સાથે વિર શહીદ મનીષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટ અમરેલી ધ્વારા નાગદેવતા મંદિર રાજમહેલ કમ્પાઉન્ડ ખાતે વૃક્ષારોપણ કાર્યક્મ તથા ચકલીઓના માળ તથા પાણીના કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યું



હતું. આ તકે અમરેલીના રાજકીય તથા વિવિધ સામાજીક સેવાકીય સંસ્થાઓ ના આગેવાનો તથા જોડાણ હતા અને મોટી સંખ્યામાં નગરજનો એ લાભ લીધો હતો.

---

## જાફરાબાદ : જીએસસીએલ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા.૫

જીએચસીએલ વોકેશનલ સ્કીલ તાલીમ સંસ્થા જાફરાબાદ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જીએચસીએલ, એસએમસીડી ડીવીજન જનરલ મેનેજર જોશી, મેનેજર ગઢવીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને સાથે સાથે તાલીમાર્થી દ્વારા પર્યાવરણ જાગૃતિ માટે સ્પીચ આપતા જણાવ્યું હતું કે વિશ્વ પર્યાવરણ સંરક્ષણ અને સંતુલન માટે વૃક્ષની મહત્વની ભૂમિકા જેનો મુખ્ય ઉદેશ પૃથ્વીનું ગ્રીન કવર વધારવા હવાની ગુણવતા સુધારવા અને વૃક્ષો ના લીધે સારા વરસાદની સંભાવના રહેલી છે. વૃક્ષ એ પૃથ્વીનું ગ્રીન કવર છે. તેવું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું લોકો પર્યાવરણ માટે જાગૃત થાય તે માટે તાલીમાર્થી દ્વારા પર્યાવરણને લગતા પોસ્ટર બનાવ્યા હતા. અને કિવઝ કોમ્પિટિશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. લોકો પર્યાવરણ વિશે જાગૃત થાય અને પર્યાવરણની રક્ષા કરે અને ઘરે ઘરે એક એક વૃક્ષ વાવી તેનો ઉછેર કરે અને પૃથ્વીની રક્ષા કરે. તેમજ આ તકે મોટી સંસ્થામાં રોપાનું વિતરણ તેમજ વૃક્ષો રોપવામાં આવ્યા હતા. સાથે પર્યાવરણ જતન ના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર વીટીઆઈ ટીમની જહેમત ઉઠાવી હતી તેવું સંસ્થાનાં હેડ મહેન્દ્રભાઈ મજીઠીયા દ્વારા જણાવવામાં આવ્યું છે.

---

## સાવરકુંડલામાં આપાલાખાની જગ્યામા બટુક ભોજન અને સંતવાણી કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૫


સાવરકુંડલા શહેરની નાવલી નદી કાંઠે આવેલ સુપ્રસિદ્ધ સંત આપાલાખાની જગ્યામાં ઉત્સાહભેર બાળકોને બટુક ભોજન કરાવવામાં આવ્યું હતું. આ બટુક ભોજનની પરંપરા સંત આપાલાખાના સમયથી ચાલી આવે છે દર મહિનાની સાતમે બટુક ભોજનનું આયોજન કરવામાં આવે છે તેમજ રાત્રે સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા વિશાળ સંખ્યામાં સત્સંગીઓ ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે મહંત ગોવિદગીરીબાપુએ પણ ઉપસ્થિત રહીને પ્રસંગો લ્હાવો લીધો હતો તેમ મહંત નાનજી ભગતની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

---

### ઉજ્જવળ ભવિષ્ય માટે અન્યત્ર જતા હોય

## સાવરકુંડલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં ડો. રત્નાકર વાણિયાને વિદાય અપાઈ

**ડો. પ્રકાશ કટારીયા, ડો. જાડેજા પણ ઉપસ્થિત રહયા**




સાવરકુંડલા, તા.૫

સાવરકુંડલાના સુખદ સંભારણા સમા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના ખૂબ નિષ્ઠાવાન, મિલનસાર અને માયાળું સ્વભાવ ધરાવતો ડો. રત્નાકર વાણિયા કે જે છેલ્લા ત્રણેક વર્ષથી અહીં એમ.ડી. ફીઝીશિયન તરીકે સેવારત હતાં. તેમનો કાર્યકાળ પૂર્ણ થતાં વધુ ઉજ્જવળ ભવિષ્ય માટે આગળ જતાં હોય. લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે તેમને સસ્નેહ વિદાય આપવાનો સમારોહ યોજાયો. આ પ્રસંગે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના ડો. પ્રકાશ કટારીયા સમેત અહીં અમેરિકાથી પધારેલ મનોરોગ વિશેષજ્ઞ ડો. રશ્મિબા જાડેજા સમેત તમામ કર્મચારીગણ દ્વારા ડો. વાણિયા ને પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી ભાવભરી વિદાય આપવામા આવી.

---

### વિશ્વ પર્યાવરણ દિવસનાં ભાગરૂપે

## અમરેલી પાલિકાનાં પટાંગણમાં સ્વસહાય જુથના બહેનો સાથે વૃક્ષારોપણ

**પાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર પણ ઉપસ્થિત રહયા**



અમરેલી, તા.૫

૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસના ભાગરૂપે અમરેલી નગરપાલિકા રૂક્ષમણી બાલમંદિરના પટાંગણમાં નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણીની પ્રેરક ઉપસ્થિતીમાં તેમજ ચીફ ઓફિસર અમરેલી નગરપાલિકા કુંભાણી, કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, રોશની શાખા ચેરમેન ચિરાગભાઈ ત્રિવેદી તેમજ સદસ્ય હરેશભાઈ ચાવડા, નરેશભાઈ મહેતા તેમજ સ્વ સહાય જૂથના બહેનો તથા નગરપાલિકાના કર્મચારી ગણ દ્વારા આજના દિવસે એટલે કે ૫ જૂન ૨૦૨૫ વિશ્વ પર્યાવરણ દિવસે અમૃત મિશન–૨.૦ તેમજ ડે એન.યું.એલ.એમ યોજનાના સહિયારા પ્રયાસથી સરકારની "Use of allernate fuels for tacking climate change and air Pollution" આજના કાર્યક્રમની થીમ છે. જે નિમિત્તે "women for Trees Campaign" દરમિયાન ઉપરોક્ત મહાનુભાવોની હાજરીમાં સ્વ સહાય જૂથના બહેનોને સાથે રાખી વૃક્ષારોપણની કામગીરી સુ આયોજિત રીતે પૂર્ણ કરવામાં આવેલ હતી.

---

# અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા લુણીધાર અને બગસરા ખાતે વૃક્ષારોપણ કરાયુ




આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે તારીખ ૫ જુન ૨૦૨૫ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રાજયમાં ૩૦ લાખ વૃક્ષો રોપવાના આયોજન અંતર્ગત અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા બગસરા અને લુણીધાર ખાતે વૃક્ષા રોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી જિલ્લા સહકારી સંઘના ડાયરેકટર હરેશભાઈ પટોળીયા, અમરેલી જિલ્લા સહકારી સંઘના યુવા સમિતિના ડાયરેકટર રવિભાઈ ધાનાણી, નિરવભાઈ ગોંડલીયા, અમરેલી જિલ્લા સહકારી સંઘના એકિઝકયુટિવ ભાર્ગવ ત્રિવેદી, સી.ઈ.આઈ. સાગર મહેતા, લુણીધારના સરપંચએ રાજેશભાઈ દામોદરા, ઉપસરપંચ કિરીટભાઈ સરધારા, ગ્રામજનો સહકારી અગ્રણીઓ અને કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.





# દામનગર શહેર પ્લાસ્ટિક મુકત કે યુકત..!!



તસ્વીર : નટુભાઈ ભાતીયા–દામનગર

ગુજરાત–ભારતને કચરા–ગંદકીમુકત કરવાનું અભિયાન કયાક ધીમી ગતિએ તો કયાંક મક્કમ ગતિએ ચાલી તો રહ્યું છે, આ અભિયાન માટે કરોડો રૂપિયા (જનતાના) ખર્ચાળ રહ્યા છે તેનો કોઈને વાંધો ન હોય પણ જયાં સ્થાનિક સત્તાધીશો કડક રીતે કામ નથી લેતા અથવા કચરો ફેંકનાર વ્યકિતને દંડ નથી આપતા એટલે ગંદકી ફેલાવનાર લોકોને મોકળું મેદાન મળી જાય છે. સીંગલ યુઝ પ્લાસ્ટીકના ઉપયોગ પર પ્રતિબંધ લગાવી દીધો છે છતાં ખુલ્લેઆમ રસ્તા પર જોવા મળતા રોગચાળો ફેલાઈ શકે...!! કરવામાં આવતી જાહેરાતની સાથે ચુંટાયેલા પ્રતિનિધિઓએ લોકોને સાથે રાખીને આ અભિયાનમાં સાથ સહકાર આપવા જાહેરમાં કહેવાની જરૂર છે. જાહેરમાં ફેંકાતા કચરાને ગાય માતા અને બીજા પશુઓ આરોગતા જોવા મળે છે તેઓને પણ નુકસાન થયું હોય છે. સ્થાનિક સત્તાધીશોએ કચરો ફેંકતા લોકો સામે કાર્યવાહી કરવાની જરૂર છે. તો જ સ્વચ્છતા અભિયાનને સફળતા મળશે.

### ભીમ અગિયારસ અને બકરી ઈદનાં તહેવારને અનુલક્ષીને

# અમરેલી શહેરમાં પોલીસ અધિક્ષક, વિભાગીય પોલીસવડા અને સિટી પીઆઈ સહિતનાં અધિકારીઓ દ્વારા ફુટ પેટ્રોલિંગ

## કાયદો અને વ્યવસ્થા મજબુત કરવાનાં ભાગરૂપે ઉમદા કામગીરી



અમરેલી, તા. ૫

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના શહેર વિસ્તાર ખાતે આગામી ભીમ અગિયારસ તથા બકરી ઈદનાં તહેવારને અનુલક્ષીને અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, અમરેલી વિભાગીય પોલીસ વડા, ચિરાગ દેસાઈ, અમરેલી સિટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર ડી.કે.વાઘેલા સહિતના અધિકારીઓ તથા અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા અમરેલી શહેરની મુખ્ય બજારોમાં ફુટ પેટ્રોલિંગ કરવામાં આવેલ હતું.

### રાજુલા, સાવરકુંડલા અને લાઠી પંથકમાં પોલીસ ત્રાટકી

# અમરેલી જિલ્લામાં ભીમ અગિયારશનાં તહેવારે જુગાર રમતી ૫ મહિલા સહિત ૨૩ પત્તાપ્રેમીઓ ઝડપાયા

## પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચનાથી પોલીસ ટીમની કામગીરી

અમરેલી, તા. ૫

આવતીકાલે શુક્રવારના રોજ ભીમ અગિયારસનો તહેવાર હોય ત્યારે અમરેલી જિલ્લામાં સામાન્ય રીતે કેટલાંક લોકો તહેવારીયો જુગાર રમતાં હોય. ત્યારે અમરેલી જિલ્લા પોલીસે ચાર અલગ અલગ સ્થળોએ જુગાર રમતાં પાંચ મહિલા સહિત કુલ ૨૩ પતા પ્રેમીઓને રૂપિયા ૩૫૧૪૦ના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જેમાં પ્રથમ બનાવમાં રાજુલા ગામે મફતપરામાં રહેતા પરેશભાઈ વલ્લભભાઈ મકવાણા તથા ૫ મહિલા સહિત ૬ પતાપ્રેમીઓને રોકડ રકમ રૂપિયા ૪૭૦૦ સાથે ઝડપી લીધા હતા.

જયારે બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે રહેતા ગોરધનભાઈ બચુભાઈ શેલડીયા, પંકજભાઈ ધનસુખભાઈ જોષી, અફજલભાઈ રહીમભાઈ શેખડા, રાકેશભાઈ શંભુભાઈ ચુડાસમા, ભાવેશભાઈ બાબુભાઈ સોલંકી, આદીલભાઈ રહીમભાઈ શેખડા, અસ્લમભાઈ હારૂનભાઈ શેખડા અને જયસુખભાઈ કાનજીભાઈ ધોળકીયા સહિતના જાહેરમાં પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૧૨,૩૩૦ ના મુદામાલ સાથે ઝડપાયા હતા.

ત્રીજા બનાવમાં લાઠી તાલુકાના ટોડા ગામે રહેતા મિલનભાઈ ધીરૂભાઈ વાઘેલા, અજયભાઈ રમેશભાઈ વાઘેલા, રોશનભાઈ રૂપાભાઈ વાઘેલા, અજયભાઈ અમરૂભાઈ વાઘેલા, ધુડાભાઈ નનુભાઈ વાઘેલા તથા કનુભાઈ પોપટભાઈ વાઘેલા સહિતના જાહેરમાં પૈસાથી તીનપત્તી નામનો હારજીતનો જુગાર રમતા રેઈડ દરમ્યાન રોકડા રૂપિયા ૭૯૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

જયારે ચોથા બનાવમાં રાજુલા તાલુકાના કોટડી ગામે રહેતા કનુભાઈ ડાયાભાઈ બાંભણીયા, અશોકભાઈ પોપટભાઈ ગોહિલ તથા રમેશભાઈ રણછોડભાઈ બાંભણીયા સહિતના ત્રણેય ઈસમો કોટડી ગામે મફત પ્લોટ પાસે કોટડીયા નદીના પટમાં જાહેરમાં પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડા રૂા. ૧૦,૨૧૦ સાથે રેઈડ દરમ્યાન ઝડપાયા હતા.

### ધારીનાં પ્રાંત અધિકારી હર્ષવર્ધનસિંહ જાડેજાની સુચનાથી

# ખાંભાના ડેડાણ ગામેથી મામલતદાર ટીમે શંકાસ્પદ રેશનિંગનો જથ્થો ઝડપી લીધો

## જિલ્લામાં રેશનિંગ જથ્થાની ગોલમાલ કરનારાઓમાં ફફડાટ



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૫

ખાંભા તાલુકાના ડેડાણ ગામે ગેરકાયદેસર શંકાસ્પદ રેશનીંગનો જથ્થો હોવાનું ખાનગી બાતમી મળતા ધારી એસડીએમ હર્ષવર્ધનસિંહ જાડેજાની સુચનાથી ખાંભા મામલતદાર સ્ટાફે રેડ કરતા શંકાસ્પદ રેશનિંગનો જથ્થો ઘઉં ચોખા સહિતના ઝડપી પાડયો હતો અને આ ગેરકાયદેસર ઘઉં અને ચોખાનો જથ્થો ગ્રામ્ય વિસ્તારમાંથી ફેરી મારી ઉઘરાવી એકઠો કરવામાં આવતો હોવાનું ખાંભા ઈન્ચાર્જ મામલતદારએ જણાવ્યું હતું આ જથ્થો માલકનેશ રોડ પર આવેલ હીરાભાઈ સાંગરિયાની વાડી તેમાં ઘઉં ૨૫૦ કિલો ચોખા ૬૪૪ કિલો સંગ્રહ કરેલ જથ્થો હતો આ પકડાયેલ જોગરાણા વિવેકભાઈ જોગરાનાનો હોય જેમની સામે કાર્યવાહી કરી જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો વધુ તપાસ કરતા ગેરકાયદેસર રેસલિંગનો થતો

અનુસંધાન પાના ૬ ઉપર

### સામાન્ય બાબતને લઈને બઘડાટી બોલાવી

# રાજુલામાં પાંચ ઈસમોએ પતિ, પત્ની સહિત ૪ વ્યકિતઓને માર માર્યો

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૫

રાજુલા ગામે પશુદવાખાના પાસે, ફેલની ઓરડી પાસે રહેતા ભાવનાબેન સુરેશભાઈ ઉર્ફે સુરાભાઈ સોલંકી નામના મહિલાના પતિ દેવીપુજક સમાજના આગેવાન હોય. જે વાતનું મનદુઃખ રાખી પ્રથમ તે જ ગામે રહેતા આરોપી જીતુભાઈ ઉર્ફે ગોબર પશોતમભાઈ સોલંકીએ મહિલાના દીકરા કલ્પેશને જેમફાવે તેમ ગાળો આપી બાદમાં મહિલા તથા તેમની દીકરી ઘરે હાજર હોય એ સમયે જીતુભાઈ ઉર્ફે ગોબર સોલંકી સહિત ૫ આરોપીએ એકસંપ કરી મહિલાના ઘરે જઈ આ મહિલા તથા તેમની દીકરીને જેમફાવે તેમ ગાળો આપવા લાગેલ અને એટલામાં મહિલાના પતિ તથા દીકરો બંને આવી જતા આરોપીઓએ તેણીના પતિને ગાળો આપવા લાગેલ. તેથી તેણીના પતિએ ગાળો આપવાની ના પાડતા આ પાંચેય આરોપીને સારૂ નહી લાગેલ. તેથી મહિલાના પતિને ધકકો મારી પછાડી અને ઢીકાપાટુનો મુંઢ માર મારી અને મહિલાનાં દીકરા કલ્પેશભાઈને ગાળો આપી અને એક લાફો મારી અને મહિલાને પથ્થર મારી વાંસાના ભાગે મુંઢ ઈજા પહોંચાડી અને વાળ પકડી ઢસડી અને આડેધડ શરીરે ઢીકાપાટુનો માર મારી અને મહિલાની દીકરી ભુમીકાબેનને વાળ પકડી પછાડી દિધેલ અને ગાળો આપી શરીરે આડેધડ મુંઢ માર મારી અને ૫ આરોપીઓએ જતા–જતા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચુંટણીનો ધમધમાટ

# અમરેલી જિલ્લામાં સરપંચપદ માટે ૩૩ ઉમેદવારીપત્રો રજુ થયા

## પંચાયતનાં સભ્યપદ માટે ૧૬૩ ઉમેદવારી પત્રકો રજુ

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લાની કુલ ૨૮૯ ગ્રામ પંચાયતની સામાન્ય તથા પેટા ચૂંટણીઓ આગામી તા.૨૨ ના રોજ યોજાનાર છે. ત્યારે ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટેના ઉમેદવારીપત્રો ગત તા.૨ ના રોજથી રજુ કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ તથા આજે ચોથા દિવસ સુધીમાં કુલ સરપંચ માટેના ૩૩ ઉમેદવારીપત્રો તથા ગ્રામ પંચાયતના સભ્યપદ માટેના કુલ ૧૬૩ ઉમેદવારીપત્રો જે તે ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

ઉમેદવારીપત્રો રજુ કરવાના ચોથા દિવસે વડીયા તાલુકામાંથી સરપંચપદ માટે ૧ ઉમેદવારીપત્ર રજુ થયેલ હતું. જયારે સભ્યપદ માટે પણ ૧૭ ઉમેદવારીપત્ર રજુ થયેલ હતું.

જયારે સાવરકુંડલા તાલુકામાંથી સરપંચપદ માટે ૪ ઉમેદવારીપત્ર રજુ થયેલ હતું. જયારે સભ્યપદ માટે પણ ૨૭ ઉમેદવારીપત્ર રજુ થયેલ હતા.

લીલીયા તાલુકામાંથી સરપંચપદ માટે એક પણ ઉમેદવારીપત્ર રજુ થયેલ ના હતું. જયારે સભ્યપદ માટે પણ ૨ ઉમેદવારીપત્ર રજુ થયેલ હતા.

ધારી તાલુકામાંથી સરપંચપદ માટે ૩ ઉમેદવારીપત્ર રજુ થયેલ હતું. જયારે સભ્યપદ માટે પણ ૩૦ ઉમેદવારી પત્ર રજુ થયેલ હતા.

અમરેલી તાલુકામાંથી સરપંચપદ માટે ૩ ઉમેદવારીપત્ર રજુ થયેલ હતા. જયારે સભ્યપદ માટે પણ

અનુસંધાન પાના ૬ ઉપર

### યુવા એડવોકેટને મહત્વની જવાબદારી

# અમરેલી જિલ્લા લીગલ સેલનાં અધ્યક્ષ તરીકે એડવોકેટ હરનીલ ત્રિવેદી

## એડવોકેટ, આગેવાનો અને પત્રકારોએ શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા લીગલ સેલના અધ્યક્ષ તરીકે જિલ્લાના નામાંકિત ધારા શાસ્ત્રી ઉદયન ભાઈ ત્રિવેદીના પુત્ર હર્નીલભાઈ ત્રિવેદીને અમરેલી જિલ્લા લીગલ સેલના અધ્યક્ષ તરીકે જિલ્લાના અધ્યક્ષ પંકજભાઈ મહેતા દ્વારા નિમણૂંક આપવામાં આવેલ હતી ઓલ ઈન્ડિયામાં ચાલતી આ પ્રવૃત્તિ અમરેલી જિલ્લામાં વધુ વેગ મળે તેવા કાર્ય હેતુસર હર્નીલભાઈ ત્રિવેદીની નિમણૂક કરતા જિલ્લા વકીલ મંડળ રાજકીય આગેવાનો અને પત્રકાર મિત્રોએ શુભકામના પાઠવી રહયા છે.











*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)